સદાચાર સુવિચારમાં,

॥ ॐ ॥

॥ श्रीनाथगुरुर्विजयतेतमाम् ।

स्त्रीओनुं नित्यकर्म

સંગ્રહિત કરનાર

સ્વ૦ પીતાંબર ગોવિંદરામ ભટ્ટ.

સાણંદ. ગુજરાત.

વિનામૂલ્યે આપવા પ્રકટ કરનાર

શાહુકાર હરગોવિંદદાસ રામજી.

કુંડલા. કાઠિયાવાડ.

તથા

ઠ૦ ડાહ્યાલાલ વેલજી. કરાચી. સિંધ.

નવમી આવૃત્તિ.

પ્રતિ ૧૦૦૦ કુલ પ્રતિ ૧૭૩૦૦

સવંત ૧૯૭૯ સન ૧૯૨૩

સુરત લીમડાચોક પટવાગેરીમાં આવેલા શ્રી "હરિ-હર" પ્રી પ્રેસમાં હરીલાલ મગનલાલે છાપ્યું

જીવ! જયારે સુધરે,

વિષયાનુક્રમણિકા.



॥ ॐ नमः श्रीसद्गुरुपरमात्मने ॥

स्त्रीओनुं नित्यकर्म.

શ્રીસદ્ગુરુ નથુરામને, પ્રેમે કરી પ્રણામ;
અલ્પ ગ્રંથ આ આદરૂ, દ્વિજસ્ત્રીનો વિશ્રામ. ૧

સ્વધર્મપરાયણ આર્ય સ્ત્રીઓએ પ્રતિદિન આલસ્ય-અનાસ્થાનો ત્યાગ કરી, શ્રદ્ધાપૂર્વક આ પ્રમાણે નિત્યકર્મ કરવું, કારણ કે એથી આ લોકમાં સર્વ પ્રકારના સુખો બુદ્ધિ, સંપત્તિ સૌભાગ્ય, આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ થાય છે ને પરલોકમાં ક્રમે સ્વર્ગાદિ દિવ્ય લોકના સુખો પ્રાપ્ત થઈ અને અખંડાનંદરૂપ પરમપદની પ્રાપ્તિ થાય છે

પહેલો પહોર.

પવિત્ર સ્ત્રીઓએ નિત્ય પ્રાતઃકાળમાં સૂર્યોદય થતા પહેલા પોતાના સ્વામીના ઊઠયા પહેલા મંગળ વાણીનો ઉચ્ચાર કરતા ઊઠી, પ્રથમ પોતાના સ્વામીના મુખનું દર્શન કરી, પવિત્ર સતીઓ, પોતાના સ્વામીના સદ્ગુરુનું તથા શ્રીસદાશિવભગવાનનું કે શ્રીવિષ્ણુનું નામસ્મરણ કરવું વિધવા સ્ત્રીએ શ્રીસદ્ગુરુ, શ્રીશંકર અથવા શ્રીવિષ્ણુની સ્તુતિ કરવી ને પછી પથારી

ઊપાડી ઘરમાંથી સંજવારી કાઢવી ત્યારપછી ઝાડે જંગલ જઈ આવી, પાંચ વાર ડાબો હાથ એકલો માટી ને જલથી ધોવો, તે પછી બે હાથ ભેગા કરી માટી ને જલથી ધોવા, ને પછી એકવાર બે પગ પણ માટી ને જલથી ધોવા પછી ચાર કોગળા કરી દાતણ કરવું તે પછી માથું ઓળી-ગુંથી અંબોડો બાંધી, વસ્ત્રસહિત નીચે બતાવેલા વિધિપ્રમાણે નાહાવું પણ વસ્ત્રવિના ક્યારે પણ નાહાવું નહિ

સ્નાનવિધિ.

પ્રથમ નામણમાં પોતાને જોઈતું ટાઢું-ઊનું પાણી લઈ, બે હાથ જોડી નીચેનો મંત્ર બોલવો—

"ગંગે ચ યમુને ચૈવ, ગોદાવરિ સરસ્વતિ,
નર્મદે સિંધુકાવેરિ, જલેઽસ્મિન સન્નિધિં કુરૂ."

ઉપરનો મંત્ર બોલી, તે નાહાવાના જલમાં તીર્થોનું આવાહન કરી, ત્રણ વાર કરી આચમન કરવું પછી પૂર્વદિશાભણી પોતાનું મુખ રહે તેમ બેસી, નીચે પ્રમાણે સંકલ્પ કરી ગંગા યમુના સરસ્વતી અને નર્મદા આદિ તીર્થોમાં હું નાહીને પવિત્ર થાઉં છું એવી ભાવના મનમાં રાખીને નાહાવું

"અત્રાદ્ય અમુકમાસે અમુકપક્ષે અમુકતિથૌ અમુકવાસરે મમ દેહશુદ્ધિસિદ્ધ્યર્થં પ્રાતઃસ્નાનમહં કરિષ્યે."

એ પ્રમાણે નાહી આચમન કરી ધોયેલું વસ્ત્ર અથવા અબોટિયું પહેરવું.

સૂર્યોપાસન

પ્રથમ [illegible] પાસે જઈ, નિ[illegible]તપણે [illegible] અથવા ઊભતા [illegible] નમસ્ [illegible] પછી વાગીત [illegible] (પ્રમા

સન કે સ્વસ્તિકાસન આવડતું હોય તો તે આસન વાળીને બેસવુ)પછી "કેશવાય નમઃ, નારાયણાય નમઃ, માધવાય નમઃ" ત્રણ મંત્રો બોલી, ત્રણ વાર આચમન કરી, "ગોવિંદાય નમઃ" એમ કહી જમણા હાથની હથેળી ધોઇ નાખવી પછી "વિષ્ણવે નમઃ" એ મંત્ર બોલી બે આખોએ જલનો સ્પર્શ કરવો તે પછી સૌભાગ્યવતી સ્ત્રીએ નીચેનો મંત્ર બોલીને પોતાને કપાલે કંકુનો ચાલ્લો કરવો –

રમામપર્ણા સાવિત્રી, વૈદહીં દ્રૌપદી ચ મે;
સૌભાગ્યાય નમસ્કૃત્ય, કુંકુમ ધારયામ્યહમ્

વિધવા સ્ત્રીએ "**શ્રીશિવાય નમ**" એ મંત્ર બોલી કોરી વિભૂતિનો અથવા જલનો ચાલ્લો કરવો.

પછી ડાબા હાથમા જલ લઇ "**પુનાતુ માં તત્સવિતુર્વરેણ્યમ્**" એ મંત્ર બોલી, જમણા હાથના આગળાવડે કિંવા ફૂલવડે પોતાના શરીર તથા આસનપર માર્જન કરવુ (થોડુ પાણી છાટવુ) તે પછી નીચે બતાવેલી રીતે ત્રણ પ્રાણાયામ કરવા –

પ્રથમ આખો વીચી, મૌન રાખી, જમણા હાથની છેલ્લી બે આગળીઓથી ડાબુ નાક દબાવી રાખી "**નમો ભગવતે શ્રીસૂર્યાય**" એ મંત્ર એક વાર બોલતા જમણી નાસિકાથી પવન અંદર ખેચવો, પછી જમણા હાથના અંગૂઠાથી જમણુ નાક પણ દબાવી દઇ ઉપરનો મંત્ર ચાર વાર કે પોતાની શક્તિપ્રમાણે મનમા ભણી રહેતાસુધી તે અંદર રોકવો, ને પછી બે વાર તે મંત્ર મનમા બોલતા ડાબી નાસિકાથી ધીરે ધીરે રોકેલો પવન બહાર કાઢવો આ એક પ્રાણાયામ થયો એવા ત્રણ પ્રાણાયામ કરવા

ઉપર પ્રમાણે ત્રણ પ્રાણાયામ કર્યા પછી "અદ્યાદ્ય અમુકમાસે અમુકપક્ષે અમુકતિથૌ અમુકવાસરે મમોપાત્તદુરિતક્ષયદ્વારા શ્રીપરમેશ્વરપ્રીત્યર્થં શ્રીસૂર્યોપાસનમહં કરિષ્યે" એમ બોલી સંકલ્પ કરવો. ત્યારપછી ઊભા થઇ નીચેનો મંત્ર ત્રણ વખત બોલી શ્રીસૂર્યનારાયણને પાણીના ત્રણ અર્ઘ્ય આપવા –

" નમોસ્તુ સૂર્યાય સહસ્રભાનવે,
નમોસ્તુ વૈશ્વાનરજાતવેદસે,
ત્વમેવ ચાર્ઘ્યં પ્રતિગૃહ્ણ દેવ,
દેવાધિદેવાય નમો નમસ્તે '

એ પ્રમાણે અર્ઘ્ય આપી તે અર્ઘ્યના જળથી બે આંખોને સ્પર્શ કરવો.

પછી "**નમો ભગવતે શ્રીસૂર્યાય**" એ મંત્રનો એક સો ને આઠ વાર અથવા યથાશક્તિ જપ કરવો. પછી શ્રીસૂર્યનારાયણને બે હાથ જોડી નમસ્કાર કરવો.

તે પછી "અનેન શ્રીસૂર્યોપાસનકર્મણા **શ્રીભગવાન્ પરમેશ્વરઃ પ્રીયતાં ન મમ**" એમ બોલી નીચે જળ મૂકી શ્રીસૂર્યોપાસન સમાપ્ત કરવું.

આવી રીતે સાંજે પણ સૂર્યોપાસન કરવું.

ત્યારપછી પોતાના પતિ, ગુરુ, દેવ, બ્રાહ્મણ અને પોતાના સાસુ-સસરો તથા ઘરમાં જે કોઈ વૃદ્ધ હોય તેમને બે હાથ જોડી, તે ભૂમિપર મૂકી તે પર માથું રહે તેમ નમી પગે લાગવું. એ પ્રમાણે નિત્ય અભિવાદન કરવાથી આયુષ્ય, વિદ્યા, કીર્તિ અને બળની વૃદ્ધિ થાય છે.



જપયજ્ઞ.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે ફલને આપનાર તથા દારિદ્રય, દુ ખ, શોક, રોગ અને ભયને મટાડનાર જપયજ્ઞનુ સધવા કે વિધવા સ્ત્રીએ શ્રદ્ધાપૂર્વક નિત્ય અનુષ્ઠાન કરવુ ધર્મશાસ્ત્રમા મહર્ષિઓએ જપયજ્ઞનુ માહાત્મ્ય બહુ બહુ પ્રકારે સૂચવ્યુ છે, માટે તેની સિદ્ધિસારુ સુજ્ઞ સ્ત્રીઓએ નિત્ય અર્થની સમજ સાથે શ્રીમદ્‌ભગવદ્‌ગીતા*, શ્રીવિષ્ણુ-સહસ્ત્રનામ, કે શ્રીશિવમહિમ્નસ્તોત્ર આદિનો અનુકૂળતાપ્રમાણે પાઠ કરવો સૌભાગ્યવતી સ્ત્રીઓએ વિશેષમા સતીગીતાનો અથવા મનનસાથે પાઠ કરવો, ને તે ન બને તો યથાશકિત ભગવત્સ્મરણ કરવુ અથવા "**શ્રીશિવાય નમ**" એ પચાક્ષર મત્રનો યથાશક્તિ જપ કરવો

શ્રીશિવપૂજન

આગળ બતાવ્યા પ્રમાણે બેસી આચમન-પ્રાણાયામ કરી, '**અત્રાદ્ય અમુકમાસે અમુકપક્ષે અમુકતિથૌ અમુકવાસરે શ્રીશિવપૂજનમહ કરિષ્યે**" એમ બોલી સકલ્પ કરી "**શ્રીશિવાય નમ**" એ મત્ર બોલી શિવલિંગને સ્નાન કરાવી એનો એ મત્ર બોલીને અનુક્રમે ચદન, પુષ્પ (ફૂલ) ધૂપ દીપ અને નૈવેદ્ય અર્પણ કરવા પછી પાન-સોપારી ને દક્ષિણા અર્પણ કરી '**શ્રીશિવાય નમ**" એ મત્રની દશ કિવા એક માળા ફેરવવી કદાચ તેટલુ ન બની શકે તો દસ વાર ત મત્રનો જપ કરી, નીચે પ્રમાણે બોલી જલ મૂકવુ –

અનેન શિવપૂજનકર્મણા શ્રીસદાશિવ. પ્રીયતા ન મમ

---

* પૂજ્યપાદ મહારાજ શ્રીમન્ નથુરામશર્માપ્રણીત શ્રીમરલાટીકા-વાળી ભગવદ્‌ગીતા સ્ત્રીઓને નિત્ય પાઠ કરવામા વિશેષ ઉપયોગી છે

શ્રીવિષ્ણુપૂજન

વૈષ્ણવ સ્ત્રીઓએ સૂર્યોપાસનમાં બતાવ્યા પ્રમાણે આચમન-પ્રાણાયામ કરી, નીચે પ્રમાણે બોલી સંકલ્પ કરવો.

"અત્રાદ્ય અમુકમાસે અમુકપક્ષે અમુકતિથૌ અમુકવાસરે શ્રીવિષ્ણુપૂજનમહં કરિષ્યે."

તે પછી **"નમો ભગવતે વાસુદેવાય"** એ મંત્ર બોલી શ્રીવિષ્ણુ ભગવાનની પ્રતિમાને સ્નાન કરાવી, એનો એ મંત્ર ભણી ક્રમે ચંદન પુષ્પ, તુલસી, ધૂપ, દીપ, નૈવેદ્ય, મુખવાસ, દક્ષિણા, આરતિ અને નમસ્કાર આદિથી પૂજન કરી **"નમો ભગવતે વાસુદેવાય"** એ મંત્રનો ૧૦૮ વાર કિંવા ૧૦ વાર જપ કરી નીચે પ્રમાણે બોલી ઉત્તર સંકલ્પ કરી વિષ્ણુપૂજન પૂર્ણ કરવું –

અનેન વિષ્ણુપૂજનકર્મણા શ્રીમહાવિષ્ણુ પ્રીયતાં ન મમ

શ્રીસદ્ગુરુપૂજન.

સાધકસ્ત્રીઓએ પોતાના આસનપર પૂર્વાભિમુખે બેસી, આચમન-પ્રાણાયામ કરી નીચે પ્રમાણે બોલી, પ્રથમ પોતાના શ્રીસદ્ગુરુપૂજનનો સંકલ્પ કરવો –

અત્રાદ્ય અમુકમાસે અમુકપક્ષે અમુકતિથૌ અમુકવાસરે મમ ત્રિવિધદુઃખાનામાત્યંતિકનિવૃત્તિપૂર્વકસચ્ચિદાનંદસ્વરૂપસાક્ષાત્કારદ્વારાખંડમોક્ષસુખસંપાદનાર્થં શ્રીસદ્ગુરુપૂજનમહં કરિષ્યે

તે પછી નીચે પ્રમાણે બોલી શ્રીમદ્ગુરુપરમાત્માનું ધ્યાન કરવું –

"બ્રહ્માનંદ પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિં, દ્વંદ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્; એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતં, ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરૂં તં નમામિ."

તે પછી શ્રીસદ્‌ગુરુની પ્રતિમા (છબી) અથવા પાદુકાઓનું "**શ્રીસદ્‌ગુરૂપરમાત્મને નમ.**" એ મંત્ર બોલી બોલીને અનુક્રમે સ્નાન, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, મુખવાસ, દક્ષિણા, આરતિ અને નમસ્કાર આદિથી પૂજન કરી, નીચે પ્રમાણે બોલી ઉત્તરસંકલ્પનું જલ મૂકી સદ્‌ગુરુપૂજન સમાપ્ત કરવું

અનયા પૂજયા શ્રીસદ્‌ગુરૂપરમાત્મા પ્રીયતાં ન મમ.

નિત્યદાન.

આ લોક ને પરલોકમાં કરેલા દાન–પુણ્યનું ફલજ સુખરૂપે પ્રાપ્ત થાય છે માટે ધર્મશીલ સ્ત્રીઓએ પ્રતિદિન પોતાના વરની સંપત્તિ અનુસાર દ્રવ્ય, વસ્ત્ર, અન્ન, ફલ કે જલ આદિનું દાન કરવાનો નિત્ય નિયમ રાખવો, કારણકે દાન ન કરવાથી દારિદ્રયાદિ દુઃખોને પ્રાપ્ત થઇ અંતે અસદ્‌ગતિ પામવી પડે છે માટે પ્રત્યેક ગૃહસ્થ સ્ત્રીએ એકે દિવસ દાન આપ્યા વિના રહેવું નહિ

બીજો પહોર.

એ રીતે પ્રાતઃકાલના નિત્યનિયમથી પરવારી બીજા પહોરમાં પૂજના, હોમના, રાંધવાના, બહાર વાપરવાના, પાણી ભરી લાવવાના, અને જલ ભરી મુકવાના જે જે પાત્રો હોય તે તે સઘળા માજી–ઉટકી–સ્વચ્છ કરવા શુદ્ધ જલ જાડા વસ્ત્રના ગળણાથી ગાળીને ભરવું પછી નિત્ય ન બને તો પૂનમ, અમાસ, રવિવાર, ઉત્તરાયણ કે બીજા કોઇ

પર્વ-ઉત્સાહના દિવસો હોય ત્યારે તથા જનોઇ કે વિવાહાદિ માગલિક પ્રસગના દિવસોમા સુવાસિની સ્ત્રીઓએ ઘરના ઉમરાઆગળ તથા આગણામા છાણમાટીથી લિપી રગની વેલો કાઢી અગરબતી ગુગળ કિંવા કોઇ સુવાસિત વસ્તુનો ધૂપ કરવો તેમ કરવાથી તે ઘરમા આધિવ્યાધિનો ઉપદ્રવ થતો નથી, ને લક્ષ્મી તેમા નિરતર વાસ કરીને રહે છે પછી રસોઇ કરવાસારુ વીણીઝાટકી સ્વચ્છ કરેલુ અન્ન બળતણ, પાણી તથા બીજા જોઇતા સાધનસામગ્રી આદિ આગળથીજ પોતાની પાસે લઇને રસોઇ કરવાના કામમા પ્રસન્ન થવુ સ્થિર ચિત્તે સાવધાનતાપૂર્વક રસોઈ કરવી રસોઈમા સ્વાદ આવવો એ રસોઈ કરનારના હાથમા છે. તાપ સાધારણ રાખવો, બહુ થોડો નહિ તેમ વધારે પણ નહિ. ઘરના માણસોના આરોગ્ય તથા જીવનનો આધાર તે રસોઈપર છે એ રસોઇ કરનારે સ્મરણમા રાખવુ રધાતા કે રધાઇ ગયેલા પાકના વાસણો ઉઘાડા રાખવા નહિ રસોઇ કરતા ખરી અગત્ય વિના વારવાર બહાર જવુ કે સ્પર્શ ન કરવાયોગ્ય પ્રાણિ-પદાર્થનો સ્પર્શ કરવો નહિ. મસોતા ધોયેલા વાપરવા, ને રસોઇ કરતા અકળાવુ કે ઉતાવળા થવુ નહિ.

સુવાસિની સ્ત્રીઓનું વિશેષ કર્તવ્ય.

ઉત્સાહપૂર્વક સાવધાનપણે રસોઇ કરી રહ્યા પછી પોતાના સ્વામીને જમવા બેસવાસારુ પાટલો ગોઠવી, જમણે પડખે ઉપપાત્ર (પવાલુ) સહિત મોટુ જલપાત્ર મૂકી, રધાયેલી સામગ્રી સ્વચ્છ સુશોભિત પાત્રમા પીરસવી પીરસવાનો વિધિ આ પ્રમાણે છે—શાક, અથાણુ ને ચટણી આદિ વ્યજન પદાર્થો પાત્રમા જમનારના જમણા હાથભણી રહે તેમ, ને પૂરી, રોટલી, લાડુ, કસાર અને શિરો તથા બીજા પકવાન આદિ ભક્ષ્ય-ભોજ્ય પદાર્થો ડાબા હાથભણી રહે તેમ મુકવા, ને ભાત

પાત્રની મધ્યે મૂકવો તેમજ દાળ, કઢી, દૂધપાક, શીખંડ, રસ અને ઘી વગેરે લેહ્ય પદાર્થો પણ જમણા હાથભણી મૂકવા. તે પછી **"નમઃ કાંતાય સર્વદેવાશ્રયાય"** એ મંત્ર બોલી સૌભાગ્યવતીએ પોતાના પતિનું ચંદન, અક્ષત અને પુષ્પથી પૂજન કરવું

વૈશ્વદેવ.

સધવા તથા વિધવા સ્ત્રીઓએ પોતાના ઘરમાં જો કોઇ પુરુષ વૈશ્વદેવ કરે એમ ન હોય તો આ પ્રમાણે વૈશ્વદેવ કરવો –

દર્ભાસનપર પૂર્વાભિમુખે બેસી, આચમન–પ્રાણાયામ કરી નીચે પ્રમાણે સંકલ્પ કરવો –

અત્રાદ્ય અમુકમાસે અમુકપક્ષે અમુકતિથૌ અમુકવાસરે મમ ગૃહે પંચસૂનાજનિતસકલદોષપરિહારપૂર્વકશ્રીપરમેશ્વરપ્રીત્યર્થં વૈશ્વદેવાખ્યં કર્માહં કરિષ્યે.

તે પછી જે અગ્નિથી રસોઇ કરવામાં આવેલી હોય તે અગ્નિને કુંડમાં સ્થાપી, ચંદન અક્ષત અને પુષ્પથી પૂજા કરી, પવિત્રતાથી રસોઇ ચયેલી હોય તો ઘીવાળા ભાતની, નહિ તો કાચા ચોખા ધોઇ ઘીવાળા કરી તેની, નીચેના પાંચ મંત્રો ભણી પાંચ આહુતિઓ આપવી.–

બ્રહ્મણે નમઃ, પ્રજાપતયે નમઃ, ગૃહાભ્યોનમઃ, કશ્યપાય નમઃ, અનુમતયે નમ ॥

એ રીતે હોમ કરી, દેવને નૈવેદ્ય ધરાવી તે રંધાયેલા અન્નમાંથી ગોગ્રાસ, (ગાયનો ભાગ,) શ્વાનગ્રાસ (કૂતરાનો ભાગ) અને વાયસબલિ (કાગડાનો ભાગ) કાઢી, તે સમયે કોઇ ક્ષુધાર્ત (ભૂખથી પીડાતો) અતિથિ–અભ્યાગત આવી મળે તો તેને ઉત્સાહપૂર્વક જમાડવો જો

તે અભ્યાગતને રાંધેલુ અન્ન ખપે તેમ ન હોય તો તેને યથાશક્તિ કોરૂ અન્ન આપવુ તે પછી નીચે પ્રમાણે બોલી, જલ મૂકી વૈશ્વદેવની સમાપ્તિ કરવી –

અનેન વૈશ્વદેવાખ્યેન કર્મણા શ્રીપરમેશ્વરઃ પ્રીયતાં ન મમ

ભોજનવિધિ.

પીરસાયેલા પાત્રને થોડા જલથી પ્રોક્ષણ કરી તેમાથી "**ભૂપતયે નમઃ, ભુવનપતયે નમઃ, ભૂતાના પતયે નમઃ**" એ ત્રણ મંત્રો બોલી, ત્રણ વાર થોડુ થોડુ અન્ન ભોજનપાત્રની બહાર મૂકી, એક વાર આચમન કરી, બે આંખોએ જલનો સ્પર્શ કરી, સ્થિરતાથી જમવુ

ત્રીજો પહોર.

ભોજન કર્યા પછી એઠા-અજીઠા-વાસણ તથા જલપાત્ર આદિ માજી ભોજન કરાયેલા સ્થલને તથા ચૂલાને લિંપી શુદ્ધ કરી, દિવસના જે જે અગત્યના કામો હોય તે તે સંભારીને કરી લેવા, ને તે પછી નિશ્ચિંત થઇ પ્રીતિપૂર્વક ઘણા ઉત્સાહથી પોતાને જેમાથી સબોધ મળે એવા પુસ્તકો જેવા કે શ્રીયોગવાસિષ્ઠમહારામાયણ, શ્રીવાલ્મીકિરામાયણ, મણિરત્નમાલા, ભામિનીભૂષણ સાવિત્રીચરિત્ર કિંવા બીજી સતીઓના ચરિત્રો તથા મહાનુભાવ પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્ નથુરામશર્માપ્રણીત શ્રીમદ્ભગવદ્ગીતાની સરના તથા રહસ્યપ્રદીપિકા ટીકા, સદુપદેશદિવાકર, સુબોધકલ્પલતા, સ્વાભાવિકધર્મ, મનુષ્યમિત્ર પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ, યોગકૌસ્તુભ, પરમપદબોધિની અને શ્રી ઉપદેશકથાવલિના સમગ્ર અંકો, તેમજ તેથી જો પોતાની બુદ્ધિ વિશેષ સૂક્ષ્મ હોય તો શ્રીપાતંજલયોગદર્શન, શ્રીવેદાંતદર્શન, શ્રીસાંખ્યદર્શન

અને શ્રીઉપનિષદો ઇત્યાદિ પુસ્તકો નિત્ય નિયમ રાખીને લક્ષ્યપૂર્વક વાચવા વિષયવાસના વધારનારા શૃગારી ગ્રથો કદીપણ વાચવા નહિ

ચોથો પહોર તથા સાયંકાલનુ કર્તવ્ય.

દિવસના ચોથા પહોરમા ઘરમા રહેલા વસ્ત્રો તથા વાસણો વગેરેની ગ્યોગ્ય વ્યવસ્થા કરવી સાયકાલ થતા સત્વર પવિત્ર થઈ ઘીનો દીવો પ્રકટી **"દીપો જ્યોતિ: પર બ્રહ્મ, દીપો જ્યોતિર્જનાર્દન:; દીપો હરતુ મે પાપ, સંધ્યાદીપ નમોસ્તુ તે."** એ મત્ર બોલી, દીવાની પ્રાર્થના કરી, નમસ્કાર કરવો, ને તે પછી ઘરમા જોઇતા પ્રકાશમાટે તેલ આદિના બીજા દીવા પ્રકટવા તે પછી આચમન–પ્રાણાયામ કરી **"શ્રીશિવાય નમ. ॥"** એ મત્રનો અવકાશપ્રમાણે જપ કરવો દીવો દક્ષિણદિશાભણીના મુખે મૂકવો નહિ

રાત્રિનું કર્તવ્ય

રાત્રિએ પહેલા પહોરમાજ ભોજન થઈ જાય તેમ કરવુ, ને એઠા વાસણ તુરત માજી નાખવા, પણ વાસી રહેવા દેવા નહિ તે પછી સ્વચ્છ સ્થળે ઉત્તરદિશાવિના બીજી ગમે તે દિશાભણીના ઓસીકાએ સૂઈ રહેવામાટે પલગ કે પથારી પાથરી તૈયાર કરવા, ને તેની પાસે જલપાત્ર તથા પ્રાત કાલમા ઊઠી તુરત દર્શન કરવામાટે પોતાના સ્વામી, સદ્ગુરુ કે ઇશ્વિરની છબી અને અનુકૂલતા હોય તો યોગ્ય સ્થળે બળતો દીવો રાખી, રાત્રિના બીજા પહોરમા રાગદ્વેષમા ગુથાયેલા પોતાના ચિત્તને પતિસેવાથી શાત કરી, પવિત્ર થઇ, શ્રીપરમાત્મારૂપ પતિનુ સ્મરણ કરતા નિદ્રાવશ થવુ વિધવાએ શ્રીપરમાત્માનું ભજનકીર્તન કે સ્મરણ–ધ્યાન કરી શ્રીઇશ્વિરનું નામસ્મરણ કરતાં નિદ્રાવશ થવુ.

કુમારિકાના ધર્મ.

કુમારિકાઓએ પોતાને જન્મ આપનાર, તથા ઘણા કષ્ટે પાળી-પોષી ઉછેરી મોટા કરી, વિદ્યા, વિવેક, વિચાર અને વ્યવહારી જ્ઞાનનુ શિક્ષણ આપી નિરતર ભલુ ઇચ્છનાર માતા-પિતાવિષે ઘણા પ્રેમથી પૂજ્યભાવ રાખી, ક્યારે પણ તેમની આજ્ઞાનો ભગ ન કરતા પોતાનાથી બનતી સેવા કરવી, તથા તેમને પોતાના કામ-કાજ અને વર્તનથી સતોષ આપવો, પણ તેઓ દુભાય તેવુ વર્તન કદાપ કરવુ નહિ નિત્ય પ્રાત કાલ થતાપહેલા ઊઠવુ, ને આખો તથા મો ધોઇ ઝાડે જગલ જઇ આવી, દાતણ કરીને નાહાવુ ટાઢની ઋતુમા પણ કોઇ દિવસ નાહાવામા આલસ્ય કરવુ નહિ માથાના વાળ જૂઓ પડે એવા મેલા નહિ રાખતા નિત્ય ઓળી-ચોળી સ્વચ્છ રાખના લૂગડા મેલા તથા પરસેવાથી ગધાતા નહિ રાખતા ચોખ્ખા રાખવા પ્રતિદિન નાહાયા પછી પવિત્ર વસ્ત્રો પહેરી સૂર્યનારાયણને, ઘરમા શ્રૌત કે સ્માર્ત અગ્નિ હોય તો અગ્નિનારાયણને અને દેવ હોય તો દેવને પ્રણામ (નીચે બેસી બે હાથ જોડી ભૂમિપર રાખી તે પર માથુ મૂકી પગે લાગવુ તે) કરી માતા-પિતા ને ઘરમા બીજા કોઇ વૃદ્ધ હોય તો તેમને તથા મોટા ભાઇ ભોજાઈ અને મોટી બેનને પ્રણામ કરવો પોતાને ઘેર માતા-પિતાના પૂજ્ય ગુરુ કે કોઇ પવિત્ર સત સાધુ અથવા બ્રાહ્મણ આવ તો તેમને પણ પ્રણામ કરવો તે પછી પોતાની માતાને પૂછી ઘરમા સજવારી કાઢવાનુ, વાસણ માજવાનુ, દાળ-ચોખા વીણવાનુ, લોટ ચાળવાનુ, પાણી ગાળવાનુ કે એવા બીજા જે જે ઘરના અગત્યના કામો પોતાનાથી બને એવા હોય તે સાવધાનીથી કરવા, ને જે કામ પોતાને ન આવડતુ હોય તે કામ શીખવાનો ઉત્સાહ રાખી બતાવ્યા પ્રમાણે ચિત્ત રાખીને કરવુ રસોઇનુ કામ પણ થોડુ થોડુ પોતાની માતાની અથવા રસોઈ કરનારની પાસે બેસી ઉત્સાહ રાખી શીખતા રહેવુ,

ને પોતાને આવડેલું રસોઇનું કામ કરવાનો જ્યારે પ્રસગ આવે ત્યારે ધીરે રહી, સાવચેતી રાખી, પહેરેલુ લુગડુ સકોરી, શરીરે દઝાય નહિ ને રાધવાની વસ્તુ દાઝી કે બળી જાય નહિ તેમજ તે કાચી કે પાણીપોચી રહે નહિ તથા તેમા મીઠુ, મરચુ, હળદર આદિ મશાલો જોઇતોજ પડે પણ વધુઓછો પડે નહિ એમ લક્ષ રાખીને રસોઇનુ કામ કરવુ જેમા પોતાને સમજણ ન પડે તેમા આગવુ ડહાપણ ન કરતા પોતાની મા કે કોઇ વડીલને પૂછીને કરવુ જે બાલકીઓ નાનપણમા આળસુ થઇ ઘરના કામકાજમા ને રસોઇના કામમા અણુશીખાઉ રહે છે તે મોટપણમા બહુ દુખી થાય છે, ને જે ને કામમા કુશલ હોય છે તે સૌને વહાલા થઇ માન પામે છે ડાહી કન્યાઓએ રીસાળ કે રોતડ સ્વભાવ રાખવો નહિ જમવામા ભૂખજેટલુ જમવુ, પણ સ્વાદીઆ પદાર્થો હોય ત્યારે બહુ જમાય, ને સ્વાદવિનાના હોય ત્યારે ભૂખ્યા રહેવાય એવી કુટેવ રાખવી નહિ પોતાના ઘરમા જે રધાયુ હોય તેજ નિરાતે બેસી ભૂખપ્રમાણે જમવુ પણ તે પછી આખો દિવસ જે હોય તે કાચુકોરુ બુકવાની ટેવ ન રાખવી, કેમકે તેથી શરીર બગડે છે બહુ ખાટા બહુ ઊના બહુ તીખા બહુ ગરમ અને ન પચે એવા પદાર્થો ખાવા નહિ, કારણકે તેથી અજીર્ણ, ઊધરસ, તાવ, સલેખમ, ખસ, આખો આવવી કે માથુ દુખવુ ઇત્યાદિ રોગો થવાથી દુખી થવુ પડે છે સારુ સારુ ખાવાની, લાલચુપણાની, ઘરમાથી છાનુમાનુ ચોરી ખાવાની કે એકલુ ખાવાની કુટેવો પણ રાખવી નહિ માતા-પિતા જે કાઇ ખાવાપીવાની કે ઓઢવાપહેરવાની વસ્તુ પ્રેમથી આપે તેમા ઓછુવધતુ માની રીસાવુ નહિ ઘરના માણસો જમી રહ્યા પછી એઠુ કાઢવાના કામમા તથા અબોટ કરવાના કામમા પણ પોતાની

માને અને તેટલી મદદ આપવી કુમારિકાઓએ કોઇ સદાચરણી શાંત અને ધર્મિષ્ઠ સ્ત્રીશિક્ષક અથવા તેવાજ કોઇ વૃદ્ધ પુરૂષશિક્ષકપાસેથી દેશભાષાનુ (ગુજરાતીનુ) ધર્મભાષાનુ (સસ્કૃતનુ) અને બની શકે તો રાજભાષાનુ (ઇગ્રેજીનુ) ઉપયોગજોગુ જ્ઞાન અવશ્ય મેળવવુ, અને તેની સાથે ભરવાની, શિવવાની, ગુથવાની અને ચિત્રની કળાઓ પણ શીખવી જોઇએ, તેમજ આરોગ્યના (શરીરને નીરોગ રાખવાના) નિયમો પણ સારી પેઠે જાણવા જોઇએ એ રીતે કુમારિકાઓએ વિદ્યાકળાઓના જ્ઞાનસાથે સાધારણ ધર્મ-નીતિનુ જ્ઞાન પણ અવશ્ય મેળવવાનુ છે પોતાનો ને પારકો સૌનો જીવ સરખો જાણી કોઈ નાનામોટા પ્રાણીને દુ ખ દેવુ કે મારવુ નહિ જેવુ દીઠુ કે સાભળ્યુ હોય તેવુજ વધઘટ કર્યા વિના સાચુ બોલવુ વિના ખપે બહુ બોલવાની, તોછડા કે ભુડા શબ્દો બોલવાની, બહુ ઘાટો કાઢી કે છણકા-છાકોટા કરી બોલવાની, અને ચાડી ખાવાની ટેવ રાખવી નહિ પણ ખપજોટલુજ નરમાશથી મીઠી વાણીમા બોલવાની ટેવ પાડવી હલકી વસ્તુની પણ ચોરી કરવી નહિ નિરતર પવિત્ર રહેવુ જ્યા ખેલ-તમાસા કે ભવાઈ થતી હોય તથા જ્યા છોકરાઓ રમતા-ગાતા કે હસતાબોલતા હોય ત્યા જવુ બેસવુ કે ઊભા પણ રહેવુ નહિ નદી તળાવ કે વાવકુવાપર એકલા જવુ નહિ, ને જવુ પડે તો શરીર સભાળવાનુ ભૂલવુ નહિ પોતાના જેવડી જે બાલાઓ હોય તેમની સાથે બેસવુ, રમવુ, ભણવુ કે ગાવુ, પણ તેવો પ્રસગ છોકરાઓ સાથે પાડવો નહિ જે કન્યા ઉચા કુળની, ઉચી જાતની, તેમા પણ ડાહી શાતસ્વભાવની સારા ગુણવાળી, સારી આવડવાળી, સારી સમજવાળી, ને સારી ચાલની હોય તેનોજ સગ કરવો, તથા બેનપણુ બાધવુ, પણ જે નીચી જાતની, ઉદ્ધત, ઉછાછળી, વઢકારી, આળસુ, નિર્લજ્જ, દુરા-ચારી અને દુર્ગુણી હોય તેનો સગ કે બેનપણુ રાખવુ નહિ કુમા-

રિઓને કરવાયોગ્ય જે જે વ્રતો ગૌરીપૂજા, (ગોરની પૂજા,) ગાયવ્રત, તુલસીવ્રત, ચાલ્લાવ્રત, રવિવાર કે સોમવારનુ વ્રત તથા શિવપાર્વતીનુ વ્રત હોય તે તે પોતાના દેશાચાર કે કુલાચારપ્રમાણે માતા–પિતા અથવા ઘરના કોઇ વડીલની આજ્ઞા લઇને કરવા ગોરોના દિવસોમા કઇવીક અણસમજુ છોડીઓ ભેગી થઇ નિર્લજ્જપણે ન બોલાય એવા ભુડા શબ્દો બોલે છે, કુદે છે ને ફગણા ગાય છે, જેથી એ નીચ કૃત્યથી તેમના ગોરોના વ્રતના પુણ્યકરતા પાપ બહુ વધી જાય છે, તેથી ગૌરીમાતા પણ તે પાપી અને દુષ્ટ કન્યાઓઉપર બહુ કોપ પામી, તેમના પાપકર્મનુ ફલ આપી તેમને બહુ દુખી કરે છે, માટે ગોરાના તથા બીજા કોઇ વ્રત ઊજવવામના દિવસોમા ટાઢા પાણીએ નાહાવુ એક વાર ખાવુ, પથારીએ સુવુ, સાચુ બોલવુ, ને નિયમ–પ્રમાણે બાજસાર પવિત્ર થઇ વ્રતના દેવનુ પૂજન કરવુ, તથા પોતાની સારી આચરણવાળી બેનપણીઓમાએ શ્રીશંકર, શ્રીવિષ્ણુ, શ્રીસૂર્ય, શ્રીગણપતિ તથા શ્રીલક્ષ્મી, શ્રીસરસ્વતી અને શ્રીપાર્વતીજીની સ્તુતિની અથવા પવિત્ર સતીઓના ચરિત્રોની ગરબીઓ કે કીર્તનો ગાવા, કિંવા સારા ધર્મનીતિના પુસ્તકો વાચવા પહેરવાઓઢવામા બહુ સાદાઇ રાખવી, પણ સારા સારા ઘરેણા કે નવનવા લુગડા પહેરવાનુ મન ન કરવુ, કારણકે તમે જેવા સારા ઘરેણા લુગડા પહેરવાથી નહિ શોભો તેવા તમારા સારા ગુણ અને ડહાપણથી શોભશો, માટે બેનો ! જો તમારે સુખી થવુ હોય તો જ્યા ત્યાથી સારા ગુણ અને શાણપણ શીખજો

ઉંચા કુલની વહુઓના ધર્મ.

નવોઢા, પ્રૌઢા તથા સર્વ સૌભાગ્યવતીઓએ સમજવુ જોઇએ કે આ શરીરપર પ્રથમ કુમારિકાસ્થિતિમા શરીરને જન્મ આપનાર માતા

પિતાના મમત્વનો અધિકાર હોવાથી તેમના સ્વાધીનમા રહેવાનુ હતુ, ને તેમણે હવે તેજ આ શરીરને હસ્તમેલાએ હસ્તમેલાપ કરતા જમણો હાથ લઈ પતિના જમણા હાથમા મૂકી કન્યાદાન કરી, પોતાના મમત્વનો અધિકાર ઉતારી સગા સબંધી અને જ્ઞાતિ તથા અગ્નિ આદિ દેવોની સાક્ષીએ પતિના સ્વામિત્વનો (ધણીપણાનો) અધિકાર સિદ્ધ કરી આપ્યો છે, તેથી હવે માતા-પિતાનો અધિકાર મટી પતિનો અધિકાર થયેલો છે, માટે નિરતર તેમનાજ વશવર્તી થઈ રહેવુ શરીર સ્વામીનુ, ને શરીરસાથે તેને પ્રેરનારુ મન પણ સ્વામીનુ, તેમજ તે શરીરના નિમિત્તથી પોતાને આવી મળેલા વસ્ત્રાલકાર અને ધન પણ સ્વામીના છે, એ અહર્નિશ સ્મરણમા રાખી તન મન અને ધનથી તેઓ પોતાના ઉપર નિરતર પ્રસન્ન રહે એવુ કર્તવ્ય કુલીન વધુઓનુ છે સ્ત્રીઓએ પરણ્યા પછી આપનાનુ ઘર એ પરઘર અને પતિનુ ઘર એજ પોતાનુ ઘર જાણવુ શીતલ કિરણો અને ઉજ્જ્વલ પ્રકાશથી લોકોના નેત્ર તથા શરીરને આનદ આપનાર ચદ્ર પણ જેવો રાત્રિરૂપ પોતાના ઘરમા શોભે છે તેવો તે દિવસે સૂર્યના પરઘરમા રહી દેખાતો છતા શોભતો નથી તેમ પરણેલી સ્ત્રી જેવી પોતાના સાસરામા રહીને શોભે છે તેવી તે ગુણના ભડારરૂપ હોય તોપણ પીયર કે મોસાળમા રહેવાથી શોભતી નથી સ્થાનભ્રષ્ટ થયેલા રાજા પ્રધાન કે કોઇ અધિકારી તથા બ્રાહ્મણ, મેઘ, દાત, કેશ (વાળ) અને નખ જેમ શોભતા નથી તેમ કુલીન સ્ત્રી પણ પતિના ઘરરૂપ સ્થાનથી ભ્રષ્ટ થઇને બાપ ભાઇ કે મામાને ઘેર રહેવાથી શોભતી નથી સહસ્ત્ર સદ્‌ગુણો હોય, પરતુ પતિવિમુખતાનો (પતિથી અણબનાવનો) એકજ અવગુણ જો સ્ત્રીમા હોય તો તેના સહસ્ત્ર ગુણો પણ કેવલ દોષરૂપ મનાય છે, પરતુ સહસ્ત્ર દોષો હોય ને પતિસેવાનો માત્ર એકજ ગુણ જો તેનામા હોય તો તે સહસ્ત્ર દોષોને ડાબી

માણુસો ગુણરૂપ ગણે છે માટે કયારે પણ પોતાનો સ્વામી અસતુષ્ટ થાય એવુ આચરણ સ્ત્રીએ કરવુ નહિ લગ્નક્રિયામા સપ્તપદીના પૂજન-સમયે વરકન્યા સામસામી સાત પ્રતિજ્ઞાઓ કરે છે તેમા કન્યાની સાત પ્રતિજ્ઞાઓ આ પ્રમાણે છે -

કન્યા વરને કહે છે —હે સ્વામી! મે આ મોટુ સૌભાગ્ય આપ-નાથી મેળવ્યુ છે ૧ માટે આપ જે રળી લાવશો તેમા હુ ઘરનો નિર્વાહ કરી સતોષ માનીશ ૨ તેમજ હુ નિત્ય આપની આજ્ઞા પાળીશ ૩ તથા હુ પવિત્ર થઈ, સારા શણગાર ધારણ કરી, મન વચન અને કર્મવડે આપની સાથે રમીશ ૪ દુ ખમા ધીરજ રાખનારી ને સુખમા પ્રસન્ન થનારી હુ આપના સુખદુ ખમા ભાગિયણ છુ આપની આજ્ઞાવિના હુ કોઈ સ્થળે જઈશ નહિ ૫ સુખેથી હુ આપના ઘરના બધા કામ કરીશ, સાસુસસરાની સેવા ને બધુઓનો સત્કાર કરીશ, અને જ્યા આપ ત્યા હુ ને હુ ત્યા આપ એમ આપની સાથે એકતાથી વર્તીશ હુ પ્રતિજ્ઞાભગ કરીને આપને કદાપિ ઠગીશ નહિ, ને આપ પણ મને ઠગશો નહિ ૬ હુ હોમયજ્ઞાદિના કામમા નિત્ય આપને સાહાચ્ય કરીશ, તથા ધર્મ, અર્થ અને કામસબધી કાર્યોમા આપના મનની ઇચ્છાપ્રમાણે વર્તીશ ૭ આ મારી પ્રતિજ્ઞાઓના બ્રાહ્મણ, અગ્નિ, દેવ, મારા માતાપિતા અને સબધિવર્ગ એ સર્વ સાક્ષિરૂપ છે.

ઉપરના સાત પ્રતિજ્ઞાવચનોનો નિત્ય પાઠ કરી, સ્મરણમા રાખી, તેનુ પાલન કરવુ, પણ પ્રતિજ્ઞાભગ થવાય એવુ આચરણ ગુણવાન્ સ્ત્રીઓએ કદીપણ કરવુ નહિ

પતિની પ્રસન્નતામાટે ઘર અને ઘરના સઘળા સાહિત્યો સ્વચ્છ તથા સુશોભિત રાખવા, ને સ્વામીના સાનિધ્યમા પોતાનુ શરીર પણ

શણગારયુક્ત સુશોભિત રાખી આનંદમાં રહેવું તેણે રીસ, ક્રોધ કે ઉદાસીનતા પોતાના સ્વામીને બતાવવા નહિ, ઘરમાં અન્ન, વસ્ત્ર, વાસણ કે ઘરેણાં વગેરે જે જે ઉપસ્કર હોય તેની નિત્ય સંભાળ લઈ ઘટતી વ્યવસ્થા કરવી, પણ તે બગડતાં હોય તો જોઈ રહી એ તો મારાથી મોટાં હશે તે કરશે એવી વાટ જોઈ બગડવા દેવાં નહિ પોતાને માથે જે વડીલ હોય તે કામ કરતાં હોય તો તે જોઈ પોતે બેસી રહેવું નહિ, પણ તેમાં આગળ પડી તેમની પાસેથી વિનયથી માગણી કરી તે કામ પોતે ધ્યાન રાખીને કરવું સાસુ નણંદ, દેરાણી કે જેઠાણી સાથે કામમાટે પરસ્પર ચડસાચડસી કરવી નહિ, પોતાને કદાપિ વધારે કામ કરવું પડે તો મદદ કરી લેવું પરંતુ પોતાની શક્તિઉપરાંતનું હોય તો તે કામ બતાવનારને નમ્રતાથી યુક્તિપૂર્વક આછીસાચે કહી દેવું કામ કરવામાં આળસુ સ્ત્રીઓને બેસી રહેવાથી કાંઈ લાભ થતો નથી, પણ જઠરાગ્નિનું મંદપણું, અન્નપર અરુચિ, શરીરની જડતા ને તેથી મન-ઇંદ્રિયોનું પણ ભારપણું તથા અપ્રવૃત્તિપણું ઇત્યાદિ દોષોની વૃદ્ધિ થાય છે, તથા સાસરીઆના માણસોમાં પણ તે આળ સામણી ગણાય છે જે સ્ત્રી કામકાજ કરવામાં ચટી (નગનાળી) તથા કુશળ હોય છે, ને જેતે કામમાં આગળ પડી કામ કરે છે તો તે સાસરીઆના સર્વ માણસોને વહાલી થાય છે, તેના પર સૌ સ્નેહ ભાવ રાખે છે ને તેની સારી પ્રશંસા કરે છે એટલુંજ નહિ, પણ કામકાજ કરવામાં આવવાથી શરીરમાં વ્યાયામથી (અંગકસરતથી) થતા સર્વ લાભો જેવા કે રક્તવાહિનીઓમાં લોહી સારી રીતે ફરી શકવાથી આરોગ્યની વૃદ્ધિ થાય છે, અન્નઉપર રુચિ વધે છે, તથા જઠરાગ્નિ પ્રદીપ્ત થવાથી આહારનું સારી રીતે પાચન થાય છે, એમ થવાથી મન—ઇંદ્રિયોની સ્વસ્થતા વધે છે, તેમજ નિદ્રા—તંદ્રા આદિ દોષો નિવૃત્ત થાય છે શરીર હલકું થવાથી ચંચળતા

વધે છે, બુદ્ધિ બહુ નિર્મળ થાય છે, ને સ્મરણશક્તિ વધે છે, માટે પોતાને કામ કરવાનુ મળતા તે બતાવનારનો ઉપકાર માની કામ ઉત્સાહથી કરવુ

સંસારમા સ્ત્રીઓને સર્વ સુખના સ્થાનરૂપ તથા સર્વસ્વરૂપ પોતાનો સ્વામી છે, માટે તે તેમને પરમપૂજ્ય છે તે માટેજ સ્વામીના શરીરને પ્રકટાવનાર, ઘણા વાત્સલ્ય તથા પ્રેમપૂર્વક પાલનપોષણ કરનાર, તેને ભવિષ્યના સુખમાટે વિદ્યા, વ્યવહાર અને ધર્મજ્ઞાનમા પ્રવીણ કરનાર તથા કષ્ટે સંપાદન કરેલી ને વહાલામા વહાલી ધનાદિ વસ્તુઓને પણ પુત્રકરતા અધિક નહિ માનનાર, પુત્રના દુ ખે દુ ખી ને સુખે સુખી તથા નિરતર તેને જોઈ પ્રેમાશ્રુ પાડનાર અને અહર્નિશ પોતાના પુત્રનુ શુભ ચિંતન કરનાર, કે જેના બદલામા જોતા આખા વિશ્વમા કોઇ મળે નહિ એવા પોતાના સાસુ અને સસરો તેમના વિષે અત્યંત પૂજ્ય ભાવ રાખી, પોતાના માતા-પિતાતુલ્ય સ્નેહ રાખી, તેમને કદાપિ દુભાવા ન દેતા પ્રસન્ન રાખીને તેમની સેવા કરવી પતિના શરીર, ચાતુર્ય, વિદ્યા, જ્ઞાન, ઘર અને ધનાદિ અલકાર આદિથી જે જે સુખો સ્ત્રીઓને મળે છે, તે તે સઘળો તે વૃદ્ધોનોજ પ્રતાપ છે એમ માની કુલવાન્ માતા-પિતાની પુત્રીઓએ નિર્મળ ભાવે સાસુ-સસરાની યોગ્ય સેવા કરવા ચૂકવુ નહિ કદાપિ તેઓ તામસી, જાડી બુદ્ધિના, અણસમજુ ચીઢીઆ સ્વભાવના, અદેખા, જૂના વિચારના, ગ્રામ્ય આચાર-વિચાર તથા વર્તનવાળા ને વઢકારા હોય, તથાપિ ચતુર સ્ત્રીઓએ તે તરફ ધ્યાન દેવો ન જોતા પોતાના શાણપણથી, વિવેકથી, નમ્રતાથી તથા બુદ્ધિ-ચાતુર્યથી તેમને વશ કરી વા પ્રથમ તેમના સ્વભાવને મળતા રહી તેમની પ્રીતિ મેળવી લેવી, કે જેથી તેઓ પોતાને વિરુદ્ધ જણાય નહિ ચતુર સ્ત્રીઓની ચતુરાઇ, વિદ્યા, ડહાપણ અને સદ્ગુણોની

ખરી કર્મોગી ત્યારેજ થાય છે કે જ્યારે પારકા પોતાના કરી સાસરિયામા પોતાનો સમાવેશ કરી શકાય, તથા વિરુદ્ધ સ્વભાવના શ્વશુરપક્ષના સઘળા માણુસોની પોતાના પર પ્રીતિ મેળવી લેવાય, અને સાસરામાજ પોતાને સ્વર્ગસમાન સુખનો અનુભવ થાય વૃદ્ધોની સેવા કરનારના આયુષ્ય, વિદ્યા, કીર્તિ અને બળ એ ચારની વૃદ્ધિ થાય છે, માટે પોતાના સાસુ-સસરો કે ઘરમા કોઇ વૃદ્ધ હોય તેમની નિત્ય ઘટતી સેવા કરવી સાસુ આદિ વૃદ્ધ સ્ત્રીવર્ગની અગત્ય પડે અગસેવા વહુઓએ કરવી, ને સસરા આદિ વૃદ્ધ પુરુષવર્ગના અશક્ત સ્થિતિમા અગસેવા પોતાના સ્વામી, જેઠ કે દિયર આદિ પાસે કરાવવી, તથા તે સમયે તેમને જોઇતા બાહ્ય સાધનો પાસે રહીને પૂરા પાડવા વૃદ્ધ પુરુષવર્ગની સેવા એભાન સ્થિતિમા અન્ય પુરુષોને અભાવે જાતે પણ કરવી પગની ઘુટી ઢકાય ત્યાસુધી વસ્ત્ર પહેરવુ, એથી ઉચુ નહિ કાપડુ કે ચોળી પહેર્યા વિના ફરવુ નહિ કામવિના જ્યા ત્યા ફરવાની ટેવ રાખવી નહિ અવશ્યના કામે બહાર જવુ પડે તો કોઇ વૃદ્ધ તથા પવિત્ર સ્ત્રીઓની સાથે જવુ, અને ત્યા પ્રયોજન જેટલુજ ટકવુ માર્ગમા ડાબો ખભો ઊઘાડો રાખી ચાલવુ નહિ બહુ ઊતાવળા કે છેલ સ્ત્રીઓની પેઠે ચટક-મટક ચાલવુ નહિ માર્ગમા કોઇ શ્વશુરપક્ષના માન-મહત્તાવાળા પુરુષો સામા મળતા તેમની મર્યાદા લોપી સામા થઇને ચાલવુ નહિ, પણ એક પડખે મુખ ફેરવીને ઊભા રહેવુ માર્ગે ચાલતા સામા મળતા જતે પુરુષોની સામુ કે આડુ-અવળુ ન જોતા પોતાને ઠેશ ન વાગે, કાદવ-કાટાવાળા કે અપવિત્ર સ્થળમા પગ ન પડે, અથવા કોઇ જીવ-જતુઉપર પોતાનો પગ ન આવે એમ નીચી દૃષ્ટિએ માર્ગસામુ જોઇને ચાલવુ માર્ગમા ઊભા રહીને પોતાના સબધિવર્ગના પુરુષસાથે પણ વાત કરવી નહિ

પોતાની છાતી, નાભીનો ભાગ અને ગુહ્ય અવયવો વૃદ્ધ વૈદ્યને પણ બતાવવા નહિ દાંત બહાર દેખાય તેમ છૂટે મોઢે હસવુ નહિ પોતાના પતિવિના બીજા કોઈ પુરુષસાથે એકદૃષ્ટિ કરીને (નજર મેળવીને) વાત કરવી કે બોલવુ નહિ પતિવ્રતાઓ પરપુરુષને શબ, (મુડદુ) સર્પ કે વ્યાઘ્રજેવો માની તેથી બહુ દૂર રહે છે. તથા તેનુ મુખ ભાદરવાની અજવાળી ચોથના ચદ્રજેવુ દૂષિત–ન જોવાયોગ્ય–જાણી દૂરથી અના પાસે પણ તે ન દેખાય એટલામાટે મુખના આડુ વસ્ત્ર રાખે છે, તેથી ગુજરાત કાઠિયાવાડની સ્ત્રીઓનો લાજ કાઢવાનો ચાલ નિંદવાયોગ્ય નહિ, પણ વખાણવાયોગ્ય છે, માટે જે દેશ કે જ્ઞાતિની સ્ત્રીઓમા ને લાજ કાઢવાનો સપ્રદાય ન હોય ત્ય તેનુ અવશ્ય અનુકરણ થવુ જોઈએ લાજ ન કાઢવાથી કામી પુરુષો ક્રમે દૃષ્ટિ એક કરવાનો, છૂટથી બોલવાનો, અને એકાતે મળવાનો ઉપાય રચી સ્ત્રીઓના શીલનો ભગ કરવાનો ઉપાય સાધી શકે છે, માટે પોતાના યુવાવસ્થાના ત્રીશ વર્ષ વિત્યા સુધી પોતાનુ શ્રેય ઇચ્છનારી ઉત્તમ કુલની સ્ત્રીઓએ લાજમલાજાના ચાલનો ન્યૂનમાત્ર પણ પરિત્યાગ કરવો નહિ સૂક્ષ્મદૃષ્ટિથી જોતા એ લાજ–મલાજાનો વૃદ્ધસપ્રદાય ઘણા સદ્વિચારથી પ્રવર્તેલો છે પોતાના પતિવિના અન્ય પુરુષનુ મુખ ન જોવુ એ હેતુને લીધેજ રાજકુટુબની સ્ત્રીઓમા અત પુરમા રહેવાનો અથવા પડદાનશે (ઓઝનમા) રહેવાનો સપ્રદાય પ્રવર્તેલો છે કે જે બહુ મહત્ત્વવાળો હોવાથી પાલન કરવાયોગ્ય છે જે અત પુરમા રહેનારી–જનાની સ્ત્રીઓ આ નિયમનુ પાલન કરીને પરપુરુષોનુ મુખ જોતી નથી તેમની દૃષ્ટિની ચચળતા ન વધવાથી નેત્રના દિવ્ય બળની વૃદ્ધિ થાય છે, ને તેથી તેમનુ મનોબળ પણ બહુ વધે છે, અને એવા મનોબળવાળી સ્ત્રીઓજ પ્રજાના સમસ્ત સુખના આધારરૂપ શૂર કુમારોને જન્મ આપી વીરમાતાઓની ગણનામા ગણાય

જે સુલક્ષણી સ્ત્રીઓએ પતિના સબંધીઓને તુકારે કે તોછડી વાણીમા ન બોલાવતા તેમનુ માન જળવાય એવા સુશોભિત શબ્દોથી બોલાવવા વિનાપ્રયોજને બહુ બોલવાની ટેવ વહુઓએ રાખવી નહિ, પણ પ્રયોજન પરતુ મીઠી વાણીમા બોલવુ ઘરમા સાસુ કે સ્વામી જે શીખામણની અથવા કોઇ હાનિ-લાભની ગુપ્ત વાર્તા કહે તે અન્ય મનુષ્યોની આગળ પ્રગટ કરવી નહિ, સોનારૂપાના ઘરેણા કે કોઇ મૂલ્યવાન્ પદાર્થો મૂકવાના સ્થળો જ્યાત્યા મળી આવે છે, પણ અતરની વાત કહેવાના સ્થળો મળતા નથી, માટે સાનજોની વ્યવહારની કે પરમાર્થની ગુપ્ત વાતાઓ અતરમા રાખવાનુ મનોબળ વધારવુ જેઠાણીએ સ્વામીના સબધીઓની સાથે કુપ કરવો નહિ, પણ તેમનો યોગ્ય સત્કાર કરવો સાસુ-સસરામા પોતાના માતા-પિતાજેવો, મોટી નણદમા પોતાની બેનજેવો, જેઠ-જેઠાણીમા પોતાના મોટા ભાઇ-બેનજેવો કિવા માતા-પિતાજેવો, અને દિયરમા તથા નાની નણદમા પોતાના પુત્ર-પુત્રીજેવો ભાવ રાખી તેમના યોગ્ય રીતે સેવા, સત્કાર અને પોષણ કરવા, પણ તેમના ઉપર અભ્યાન્કર્ગી ભરવા નહિ સગાસબધીના મરણપ્રસગમા રોવા-કુટવાથી વડાઇ માનવી નહિ અનાર્ય લોકોના હોળી ખેલવાના કુચાલમા કુલીન સ્ત્રીઓએ ભાગ લેવા નહિ કારણકે તે કેવળ અધર્મરૂપ છે વિવાહાદિ માગલિક પ્રસગમા પોતાનુ મુખ લજવવા ફટાણા ગાવા તથા ગવરાવવા નહિ. તે વેળા માત્ર શાસ્ત્રીય ગીતોજ ગાવા, તથા આ નીચે દર્શાવેલા સૌભાગ્યવતી સ્ત્રીઓના વિશેષ ધર્મોને સારી રીતે સમજી પોતાના વર્તનમા લાવવા

સૌભાગ્યવતી સ્ત્રીઓના વિશેષ ધર્મો

પવિત્ર સાધ્વી સ્ત્રીએ પોતાને સદ્ગતિ આપનારૂ પોતાનુ પાતિ-

વ્રત્ય છે એમ સમજીને નિરંતર તન, મન અને ધનથી પતિસેવાપરાયણ રહેવું પોતાનો પતિ ગુણવાન્ કે ગુણવગરનો હોય તથાપિ તેને ઇશ્વરરૂપજ માની, તેનાથી વિરુદ્ધ ક્યારે પણ વર્તવું નહિ પ્રાણાતે પણ પતિના આગળ કડવુ કઠોર કે અપ્રિય તથા જેથી તેમને રોષ ઉત્પન્ન થાય તથા તેઓના માનનો ભગ થાય તેવુ દુષ્ટ વચન ક્યારે પણ બોલવુ નહિ હસતે મુખે મધુર વાણીથી, સરલતા અને શાતિથી, તેઓ પ્રસન્નતામાજ રહે એવી પ્રિય વાણીનો ઉચ્ચાર પતિપાસે કરવો સ્વામીના જમ્યા પછી જમવુ, ને સ્વામીના સૂતા પછી સૂવુ, પણ સવારે તેમના પહેલા ઊઠવુ પોતાનુ શરીર અને પહેરવાના વસ્ત્રો મલિન રાખવા નહિ પોતાના સ્વામીના આયુષ્યની વૃદ્ધિમાટે સુજ્ઞ સ્ત્રીએ કપાળમા કકુનો ચાલ્લો કરવો, આખમા કાજળ આજવુ, ચોળી વા કાપડુ પહેરવું, પાન ખાવુ, પોતાની કોટે મગળસૂત્ર પહેરવુ, નિત્ય માથામા સુગધી તેલ નાખી વાળ ઓળી ગુથી અબોડો બાધવો, હાથે કકણ કડા કે ચૂડીઓ વા બલોયા પહેરી રાખવા, અને કાને ઠોળિયા કે કાપ આદિ પહેરવા એ સૌભાગ્યવતીઓના અલકારો તેણે ક્યારે પણ શરીરથી દૂર કરવા નહિ દ્વિજો જેમ ઉપવીત દૂર કરતા નથી તેવીજ રીતે સૌભાગ્યવતીએ ઉપર કહેલા સૌભાગ્ય અલકારો દૂર કરવા નહિ પોતાના સ્વામીના આયુષ્યની વૃદ્ધિમાટે તેમના નામનો ઉચ્ચાર કરવો નહિ એટલાજ માટે પ્રાચીન આર્ય સ્ત્રીઓએ કોઈ અગત્યના સ્થલે પતિના નામનો ઉચ્ચાર ન કરતા પ્રેમાવેશમા, દુ ખમા, ભયમા તથા ધીરજ ન રહેવાના સમયમા પણ પ્રિય! પ્રિયતમ! વહાલા! નાથ! પ્રાણનાથ! સ્વામિન્! શિરોમણિ! જીવન! હૃદય! નયનતારક! અને ઇશ્વર! એ નામોથી સબોધન કરી વ્યવહાર ચલાવેલો જોવામા આવે છે પોતાનાથી અધિક વય-ઉમ્મર-ના અન્ય પુરુષોને પિતાસમાન, સમાન વયનાને ભાઈસમાન અને પોતાનાથી નાની વયના પુરુષોને પુત્ર-

સમાન જાણુના ક્યારે પણુ નિર્લજ્જના જેવુ આચરણુ કરવુ નહિ એકલા બહાર કે ગામપરગામ જવુ નહિ જ્યા ઘણા માણુસોનો સમૂહ ભેગો થવાનો હોય એવા મેળામા કે જ્યા કાઈ ખેલ થતા હોય ત્યા સુલક્ષણા સાંધીએ જવુ નહિ શણુગાર સજી પ્રયોજનવિના બહાર નીકળવુ નહિ પતિના વિયોગસમયે બ્રહ્મચર્ય પાળવુ સ્વામીની અનન્યભાવે સેવા કરનારી પતિવ્રતા સ્ત્રી સ્વર્ગમા જાય છે અનન્યભાવે પોતાના સ્વામીની સેવા કરનારી સ્ત્રી પોતાનો સ્વામી દેવપૂજા, યજ્ઞયાગ, પિતૃશ્રાદ્ધ અથવા જે જે સત્ક્રિયા કરે છે તેમા તેના અર્ધા ફલની ભાગિયણ્ થાય છે માટે પોતાના કલ્યાણુને અર્થે સૌભાગ્યવતીને બીજા જુદા કાઇ પણુ યજ્ઞ વ્રત કે ઉપવાસ આદિ કરવાની અગત્ય નથી સ્વામિસેવારૂપ સત્કર્મથીજ તેને ઉચ્ચ લોકની ગતિ પ્રાપ્ત થાય છે માટે સ્વામીની આજ્ઞાવિના તેણે કાઈ પણુ વ્રતોપવાસાદિ કરવા નહિ પ્રત્યેક સધવા સ્ત્રીએ પોતાના પતિની શ્રદ્ધાભક્તિથી સેવા કરવી

સ્ત્રીઓને સામાન્ય ઉપદેશ.

૧ ભાઇ કે બાપ આદિ કોઇ પુરુષની ડોકે વળગી મળવુ નહિ, ૨ પરપુરુષને સ્નાન ન કરાવવુ, ૩ પરપુરુષને તેલ આદિ ચોળવુ નહિ, ૪ પરપુરુષસાથે ગજીફા આદિની રમત ન રમવી, ૫ પરપુરુષનો છેડો પકડી વાત ન કરવી, ૬ પરપુરુષસાથે હસીને તાળી ન લેવી, ૭ પરપુરુષની ચોટલી ન ઓળવી, ૮ પરપુરુષનુ શરીર ન ચાપવુ, ૯ પરપુરુષના હાથની પાનની બીડી ન લેવી, ૧૦ પરપુરુષસાથે એક શય્યાએ બેસવુ નહિ, ૧૧ માર્ગે કે શેરીએ પુરુષના સમૂહમા ન ચાલવુ, ૧૨ આપત્કાળવિના ઘોડાઉપર બેસવુ નહિ, ૧૩ જેઠ સસરો સાસુ કે સાસરાના પક્ષનુ બીજુ કોઈ મોટુ હોય તેમની સાથે ઉપહાસ ન કરવો, ૧૪ પરપુરુષ-

સાથે એકાંતમા રહેવુ નહિ, ૧૫ પરપુરુષભણી રાગવાળી દૃષ્ટિ કરવી નહિ, ૧૬ પરપુરુષસાથે સંકેતવાળી ભાષા બોલવી નહિ, ૧૭ દુરાચારી પુરુષોસાથે ભાષણ ન કરવુ, ૧૮ કોઇ પુરુષ દેખે એમ મળમૂત્રનો ત્યાગ કરવા ન બેસવુ, ૧૯ જ્યા પુરુષો સૂતા હોય ત્યા અમર્યાદપણે ફરવુ નહિ, ૨૦ પુરુષોના દેખતા આળસ મરડવુ નહિ, તેમ ઢાકવાયોગ્ય અવયવોને ઊઘાડા ન થવા દેવા, ૨૧ મીઠા પદાર્થો ખાવાઉપર બહુ રુચિ રાખવી નહિ, ને ભોજન પરિમિત કરવુ, ૨૨ મોટે સ્વરે બોલવુ નહિ, તથા હસવુ નહિ, ૨૩ અજાણે ઘેર એકલા જવુ નહિ, ૨૪ પિયરમા બહુ રહેવુ નહિ, ૨૫ ઘરની ગુપ્ત રાખવાયોગ્ય વાત કોઇની આગળ કરવી નહિ, ૨૬ સાસરાનુ દ્રવ્ય કપટથી પિયરવાળાને આપવુ નહિ, ૨૭ ધીરા તથા નીચા સ્વરથી અગત્યનુ બોલવુ, ૨૮ યોગ્ય અલંકાર પહેરેલા રાખવા, ૨૯ પતિનુ અપમાન થાય ત્યા ન જવુ, ૩૦ ઘરના કામકાજમા કુશળતા રાખવી, ૩૧ ધણીપ્રતિ પ્રેમ તથા માનથી વર્તવુ, ને તેમના સગાને માન આપવુ, અને ૩૨ પ્રભુની શુદ્ધ ભાવથી ભક્તિ કરવી

સુજ્ઞ સાસુઓના ધર્મ.

દીકરાની વહુ ઘેર આવ્યા પછી સાસુસસરાએ એવી સાવચેતીથી વર્તવુ કે તે વહુ પોતાના વર્તનમા કોઈ જાતના દોષો જોઇ શકે નહિ જેમ નાનુ બાળક પોતાના માતપિતાના ગુણદોષ, આચારવિચાર અને સઘળી શારીરિક વર્તનની રીતભાતનુ અનુકરણ કરતા શીખે છે તેમ વહુઓ પણ સાસરે આવી સસરાના ઘરના આચાર, વિચાર, ધાર્મિક રહેણીકરણી અને સાંસારિક રીતભાત જોઇ તેનુ અનુકરણ કરીનેજ વર્તતા શીખે છે માટે વહુઓને જો ધર્મ, નીતિ, સદાચાર, સદ્વિચાર, વિવેક, વિનય, સત્ય, ઉદારતા, ક્ષમા, શાંતિ, ધીરજ, સહનશીલતા, ગુણ, ચાતુર્ય, વ્યવહારકૌશલ્ય અને સઘળી ગૃહવ્યવસ્થા આદિ

ગુણોનુ શિક્ષણ આપવુ હોય તો પ્રથમ તે ગુણો તેમને સાસુસસરાએ પોતાના વર્તનમાજ દેખાડી આપવા ચાયે ત્યાસુધી રજોદર્શન થયા વિના તેને સસારવ્યહારમા જોડવી નહિ જેણે પરઘર ક્યારે પણ જોયુ નથી, પરાયા મનુષ્યોમા વસી પરાધીનતાના દુખનો એક દિવસ પણ અનુભવ કર્યો નથી, ને માત્ર માતાપિતાના અનવધિ પ્રેમવાત્સલ્યપૂર્વક બાલ્યાવસ્થાનુ સુખ ભોગવતા પિતૃવર્ગના મનુષ્યોનોજ જેને વિશેષ પરિચય થયેલો છે એવી નવોઢાને પરિચિત મનુષ્યોનો વિયોગ થવાથી સાસરે પ્રથમ અણગમો થાય એ સ્વાભાવિક છે માટે તેને પોતાના ઘરની માયા થાય, પોતાના મનુષ્યોની સાથે સ્નેહ બધાય, ને તે આજ હવે મારુ નિત્ય રહેવાનુ ઘર છે એમ સારી રીતે સમજે ત્યાસુધી તેના અણગમાના દિવસો આનદમા વ્યતીત થાય માટે સુજ્ઞ સાસુએ ઘટતી યોજના કરવી જોઇએ

કેટલીક સાસુઓ દીકરાની વહુ પરણીને ઘેર આવી કે તુરતજ તેના ઉપર પોતાનો દાબ બેસારવા કે વશમા રાખવા તેને તુકારેથી કિવા તોછડા શબ્દોથી બોલાવી, અયોગ્ય ધમકી આપી, તેના પ્રત્યેક કામમા દોષ કાઢી વારે ઘડીએ લડ્યા કરે છે અને તેનો પરિણામ સાસુના ધારવાથી વિરુદ્ધ આવી, સાસુ પોતેજ પોતાનો ભારબોજ ખોઇ હલકી પડે છે માટે વહુને દુખ લાગે એવા શબ્દોમા બોલાવવાની ખોટી ટેવ ન રાખતા, તેને સમાનપૂર્વક બોલાવવી, અને ઘરના નાના મોટા માણસ પણ વિવેકપૂર્વક યોગ્યરીતેજ તેને બોલાવે એવી યોજના સાસુએ કરવી જોઇએ વહુના ઉપર નિરર્થક નિગ્રહ રાખવા ન જતા, માત્ર જ્યારે તેનાથી કાઇ વિરુદ્ધ વર્તન થતુ જોવામા આવે ત્યારેજ તેને ક્રોધના આવેશમા ન જતા શાતિથી યુક્તિપૂર્વક બોધરૂપે ઘટતા બે શબ્દો સાસુએ કહેવા જોઇએ, પણ જેનાથી કાઇ વિરુદ્ધાચરણ

થતુ નથી, સસારની રીતભાત અને ધમનીતિમા પોતે કુશલ છે, શ્વશુરપક્ષના મનુષ્યોનુ મમાન સારી રીતે જાળવી શકે છે, વિનય-વિવેકબહાર જે પગલુ ભરતી નથી, અને ઘરનુ કામકાજ પોતાની શકિતઅનુસાર કરે છે એવી શાણી તથા વિદ્વાન્ વહુઓના ઉપર એવો અયોગ્ય નિગ્રહ ઉપયોગી નથી વહુ બાલક હોય, કામકાજમા અજાણી કે અણશીખાઉ હોય તો તેને તે માટે વારવાર વઢવુ નહિ પણ ન આવડતુ કામ સાસુએ સારી રીતે પાસે બેસી ધીરે રહીને શીખવાડવુ જોઇએ તેની અવસ્થા કે શરીરશકિતના પ્રમાણથી અધિક કામ તેને બતાવવુ નહિ, કારણકે તે લઢવાના ભયથી કાતો લાજની મારી કરવા જાય તો જાતે દુખી થાય, કા તે કામ બગડે વહુ જે કામકાજ કરે તેમા કદાપિ કોઇ કામ બગડે કે કોઇ વસ્તુની હાનિ થાય તો તેમ થવાનુ કારણ પોતાની બુદ્ધિથી શોધી કાઢી તેને શાતિથી સમજ પાડી બોધરૂપે કહેવુ પણ લઢવાના રૂપમા કહેવુ નહિ, અને હાનિનો પોતે પરિતાપ કરવો નહિ, ને વહુને પણ કગવવો નહિ કામ કાજમા પણ તેની અવસ્થા, શરીર અને બુદ્ધિની શકિતના પ્રમાણમા તેને જોડવી, પણ નિર્દય થઇ તેને દુખી કરવાનો ઉપાય સાસુએ કરવો નહિ બતાવ્યા વિના પોતાના ઉત્સાહથી અથવા અણસમજણથી પોતાની શાન્તથી અાવક કાઇ બળનુ કામ કર્યુ હોય તો તેને જે શ્રમ થયેલો હોય, કે દુખી થઇ હોય તેની સભાળ સાસુએ લેવી પોતાના ઘરમા બીજા પુત્રની વહુઓ હોય કે પુત્રીઓ હોય તો સાસુએ ઘર-કામની વ્યવસ્થા કરી સૌની શકિત વિચારી તે કામો વહેચી આપવા, પણ તેમા ભિન્નભાવ રાખી કોઇને અધિક ને કોઇને ઓછુ, કે કોઇ એકલુજ દુખી થાય તેમ કરવુ નહિ, તેમજ તે વ્યવસ્થામા યોગ્યતા-પ્રમાણે પોતે પણ ભાગ લેવો સાસુએ વહુને નિગ્રહમા રાખતા, કામકાજ બતાવતા, પોતાની પૂર્વાવસ્થા સભારવી જોઇએ, કે હુ પણ એવીજ

હતી, ને હવે મહાવરાથી સર્વ કામમા પ્રવીણ થઇ છુ માટે તે પણ દિવસે દિવસે મોટી થતા સર્વ કાર્યમા એની મેળે પ્રવીણ થશે વહુ ઘરના સર્વ કામમા કુશલ હોય ને તે રસોઈ આદિનુ કામ બુદ્ધિપૂર્વક કરતી હોય તો તેના ઉપર બેસી ચીકણો સ્વભાવ રાખી તેને જે તે ભૂલ કાઢીને વારવાર ટોકવી નહિ, કારણકે એમ કરવાથી તેના ઉત્સાહનો ભગ થાય છે, તથા તેનુ મન દુખાવાથી તે વ્યગ્ર થઇ જાય છે, ને તેથી તે કામમા કુશલ છતા તેનાથી કામ બગડે છે વહુના શરીરનુ આરોગ્ય નિત્ય સાસુએ જાળવવુ, ને તેને કાઇ પણ તાવ ઉધરસ કે શ્લેષ્મ આદિ વ્યાધિ થઇ આવે તો સાસુએ ઘરના પુરુષોદ્વારા ઔષધોપચારની જોગવાઇ કરી આપવી ઘણે ઠેકાણે અબળાઓના શરીરમા મોટા મોટા રોગોએ ઘર કરેલા જોવામા આવે છે, ને તે લાજના માર્યા કહી શકતા નથી, તેમજ અજ્ઞાન સાસુ કે ઘરના વડીલો તેની સભાળ લેતા નથી, જેથી તેઓ છેવટે ભયકર સ્થિતિએ પહોચી જાય છે માટે ઘરના પ્રમુખ માણસે ઘરમા સર્વ નીરોગ છે કે કેમ તેની નિત્ય સભાળ લેવી દીકરાની વહુ વયે નાની હોય, અભણ હોય, વિદ્યાકળા, ગુણ, ચતુરાઇ તથા બોલવાચાલવાના વિવેક-વિનયથી અજ્ઞાત હોય, સ્ત્રીઓના અવશ્ય ઉપયોગી કામોમા પણ અણશીખાઉ હોય, તથા કદ્રૂપી, રોગી, આળસુ કે જડ હોય, નિર્ધનની દીકરી હોય, કે નીચા કુલમાથી આવેલી હોય, તો તેના દોષો તેને વારવાર સભળાવી તેનુ મન દુખાય તેમ મહેણા દઇ વઢવુ નહિ, પણ તેનામા જે સુધરી શકે તેવા દોષો હોય તે તેને સમજાવી ઉત્તમ પ્રકારનુ શિક્ષણ આપી સુધારવા, તથા તેનામા જે જે ગુણોની ન્યૂનતા જણાતી હોય તે તે ગુણો પણ સુજ્ઞ સાસુએ ધીરે ધીરે તેને શીખવાડવા સાસુનુ શાણપણ પ્રૌઢ બુદ્ધિ વ્યવહારકુશલતા

તથા વિદ્યા–કલાના જ્ઞાનની ખરી પરીક્ષા ને ખરી કસોટી ત્યારેજ થાય છે કે જ્યારે પોતાને ઘેર આવેલી અજ્ઞ તથા જડજેવી વહુઓ પણ સારા આચરણોવાળી થઇ સર્વ વ્યવહારમા ચતુર નીવડે જેવો હર્ષ દીકરાને પરણાવી વહુને ઘેર લાવવામાટે પ્રથમ હોય છે તેવો હર્ષ તે વહુના આવ્યા પછી નિરતર એકસરખો રહેતો નથી માટે તેમ ન રાખતા સાસુએ વહુના ઉપર નિત્ય સરખોજ પ્રેમ રાખવો પોતાની જ્ઞાતિમા પોતાને કુલીનતા પ્રાપ્ત હોય, દીકરાને બીજી વાર પરણાવવા પાસે પુષ્કળ ધન હોય, કન્યાઓની બહુ છત હોય, તેમજ પોતાના પુત્રને બીજી વહુ સહજ મળે તેમ હોય, તોપણ પરણીને આવેલી વહુને સોથી (લોડી, ગુલામડી, ઉંદરડી કે ઢેખાળાસમાન) ગણી તેને દુ ખ દેવુ નહિ, પણ તેને પોતાના પુત્ર–પુત્રીસમાનજ ગણવી જે સાસુઓ વહુઓને પોતાની પ્રજાકરતા હલકી ગણી દુ ખ દે છે તેઓ ઇશ્વિરની મોટી અપરાધી ગણાય છે ધર્મશાસ્ત્રમા કહ્યુ છે કે જેના ઘરમા ખાવા–પીવાના તથા પહેરવા–ઓઢવાના પદાર્થોથી વહુઓનો સારો સત્કાર થાય છે તેના ઉપર બ્રહ્માદિ દેવો, અર્યમાદ પિતરો, અને સનકાદિ મનુષ્યો પ્રસન્ન થાય છે સ્ત્રીઓ ભરણ–પોષણથી સતુષ્ટ થયેલી હોય તો તે સર્વસુખના ભડારરૂપ સ્ત્રીઓ છે, ને જો કોપ પામેલી હોય તો તે ક્રુદ્ધ થયેલી ભયકર દેવીઓ છે સન્માન પામેલી સ્ત્રીઓ કુલની વૃદ્ધિ કરે છે, ને અપમાન પામેલી સ્ત્રીઓ કુળનો ક્ષય કરે છે માટે શ્વશુરપક્ષના કોઇ પણ મનુષ્યે સ્ત્રીવર્ગનુ અપમાન કરવુ નહિ જે ઘરમા સ્ત્રીઓ દુ ખી થાય છે તે કુળ સત્વર નાશ પામે છે, તથા જે ઘરમા સ્ત્રીઓ સુખી થાય છે તેનુ કુળ વૃદ્ધિ પામે છે માટે સમજણી સાસુએ પોતાના ઘરની સપત્તિ–અનુસાર ભોજન અને વસ્ત્રાલકારવડે વહુઓનુ સન્માન કરી નિરતર તેમને પ્રસન્ન રાખવી પોતાના પુત્ર ને વહુ સુખી થવાથી જ આયુષ્ય, ધન, જ્ઞાન, સુખ અને પુત્રાદિ સતતિ પ્રાપ્ત થાય છે એ

સાસુએ ક્યારે પણ ભૂલવુ નહિ. જેના ઘરમા નિત્ય સાસુવહુનો કજીઓ-કકાસ થાય છે તેના ઘરમા અલક્ષ્મી, (દારિદ્ર્ય) દુ:ખ, કુળની અવનતિ (પડતી) અને સઘળા અમગળ આવી પ્રાપ્ત થાય છે કલિયુગનો વાસ પણ ક્લેશ-કકાસમાજ છે માટે જ્યા તે થાય છે ત્યા કલિ પોતાનો નિવાસ કરી અધર્મ-અનીતિના દ્વાર ઉઘાડી ઘરના માણસોને થોડા દિવસમા યમપુરીનુ દર્શન કરાવે છે માટે સાસુએ ક્લેશકકાસથી બહુ દૂર રહેવુ સાસુ ગમે તેવા શુદ્ધ આચાર પાળે, હરિભક્તિ કરે, કે કથા-કીર્તન સાભળે, પણ જો તે ઘરમા ક્લેશ કરી વહુને સતાવે તો તેનુ તે સર્વ વૃથા થાય છે વળી સાસુએ સમજવુ જોઈએ કે મારા પુત્રના સઘળા સુખનો આધાર એ વહુ છે, તથા મારા હવે પછીના વશની ઉન્નતિનો આધાર એ વહુઉપર છે, તે એ ન હોત મને પુત્રના પ્રજાનુ દર્શન થશે માટે વહુની પ્રસન્નતા નિત્ય સાચવવી જોઈએ વહુ અને દીકરા એકાતમા વાતાવિનોદ કરતા હોય કે ક્રમતાસોનતા હોય તો તેમની છાની ચેષ્ટા જોવાની ટેવ સાસુએ રાખવી નહિ વહુના દોષ દીકરાની પાસે કરી બતાવી તે ધણીધણીઆણીમા પરસ્પરને કલહ થાય તેવો ઉપાય સાસુએ કરવો નહિ તથા બીજી કોઈ રીતે વહુ પોતાને ન ગમતી હોવાથી વહુ અને દીકરા વચ્ચે અણબનાવ થાય એવા યત્ન સાસુએ ન કરવા તથા કોઈ રીતે ધણી-ધણીઆણીનો વિયોગ થાય તો તેમા આનદ અનુભવવો એ પણ સાસુને યોગ્ય નથી દીકરાને બીજી જગાએ વસવાથી મન ગમતુ હોય તોપણ અગત્યના કારણવિના વરજાવવો તો ત્યા લાવવા સાસુએ પ્રયત્ન કરવો નહિ, કારણકે એમા પુત્રનુ હિત નહિ, પણ માતાના પોતાના હાથથીજ તેનુ અનિષ્ટ કરાય છે જેવી રીતે ઉંદરને દરમા પેસતા સર્પને અને બહાર નીકળતા બિલાડીનુ દર્શન થતા જેવી દશા તે ઉંદરની થાય છે તેવી દશા બે સ્ત્રીઓવાળા પુરુષની થાય છે

એવું નીતિશાસ્ત્રનું વચન છે તે સાસુએ વિસારવું નહિ વહુના સાભળતા પોતાના દીકરાને પણ તોછડા શબ્દમા બોલાવવો નહિ, અયોગ્ય ઠપકો દેવો નહિ, અને લઢવું પણ નહિ વહુના સાભળતા તેના બાપને, માને ભાઈને કે બીજાઈ આદિ તેના પિયરીઆને તોછડા શબ્દો કહી, ગાળો ભાડી, તે વહુના મનની લાગણી દુખાવવી એ શાણી સાસુને ઘટિત નથી સાસુએ વહુને મૂકી કયારે પણ એકલા ખાવાની ટેવ રાખવી નહિ ખાવાપીવામા તેની સારી રીતે સભાળ રાખવી, કારણ કે લાજને લીધે તે ભૂખી રહે નહિ કોઈ ફૂલફલાદિ કે મીઠાઈમેવાના નવાઈજેવા પદાર્થો ઘરમા આવતા ભાગે પડતા વહુને પણ સાસુએ આપના જોઈએ નિરતર સમયની એકસરખી સ્થિતિ ન રહેવાના કુદરતી નિયમને લીધે સાસુએ પૂર્વાવસ્થામા ઘરની સારી સ્થિતિ ને વિશેષ વૈભવનું સુખ ભોગવ્યુ હોય, અને કદાપિ વહુના સમયમા સ્થિતિએ રૂપ બદલ્યુ હોવાથી સાધારણ રીતે નિર્વાહ કરવાનો હોય તેથી સાસુએ દીઠેલા સુખમા ન્યૂનતા થયેલી હોય, ત્યારે કેટલીક મૂર્ખ સાસુઓ પોતાની પૂર્વાવસ્થાનુ સુખ સભારી વહુને સતાપવા કહે છે કે, 'તુ નઠારા પગલાની', 'તુ ફુટા ભાગ્યની,' 'તારા આવવાથી અમારી આવી દશા થઈ' આના દુષ્ટ વાક્યો કહી વિનાકારણે વહુમાથે કલેશ કરે છે પણ તે સમજતી નથી કે આમા તો વહુનો એકલીનો નહિ, પણ ઘરના સઘળા માણસોના પ્રારબ્ધનો એ તો જ... કે આવું નિષિદ્ધ વર્તન સારી સાસુએ કરવુ નહિ સાસુની પૂર્વાવસ્થા સામાન્ય સ્થિતિમા વિતવાથી સાસુએ જો ઓછા વૈભવનુ સુખ જોયુ હોય, ને વહુના સમયમા સારી સ્થિતિ પ્રાપ્ત થયેલી હોવાથી વહુ કદાપિ ખાવાપીવામા, ઓઢવાપહેરવામા કે બીજા સાસારિક સુખો ભોગવવામા સ્થિતિઅનુસાર વર્તતી હોય તો તે જોઈ કેટલીક

અદેખા સ્વભાવની સાસુઓ પોતે નહિ ભોગવેલા સુખ વહુને ભોગવતી જોઇને અંતરમાં બળ્યા કરે છે, અને કોઇ કોઇ વાર થતા અંતરપરિતાપને લીધે વહુસાથે એવી વાંકી વાણીમાં બોલે છે કે તેના અદેખા સ્વભાવની ને અજ્ઞાનની દીકરો, વહુ અને બીજા લોકો પણ પરીક્ષા કરે છે [illegible] પુત્ર તથા પુત્રની વહુનું સુખ જોઇ પ્રસન્ન થવું એ વૃધ્ધોનો ધર્મ છે એમ સમજી એવા અવ[illegible] તથા હળવા પડવાના કામથી પણ સમજણી સાસુએ દૂર રહેવું. સાસુએ વહુને પોતાના કુળાચારની નાતજાતની તથા બીજી [illegible] વ્યવહારના સંબંધની રીતભાતમાં પ્રવીણ કરવી. વહુ [illegible] હોય ન [illegible] કાંઈ [illegible]શાસ્ત્ર વાંચવાનો સમય [illegible] સમયના [illegible] સમય આપવો, [illegible] વહુ[illegible] હોય તો તેને [illegible] સમ[illegible], તથા [illegible] સાસુએ [illegible] સમજ, વહુ વાંચી [illegible] તેની [illegible]

રજસ્વલા સ્ત્રીઓને પાળવાના નિયમો.

[illegible] પવાનમાં [illegible] માન [illegible] રજોદર્શનના ત્રણ દિવસોમાં અપવિત્ર [illegible] પછી ઘરમાં [illegible] કરવા [illegible] તથા પાંચમે દિવસ સ્નાન કર્યા પછી [illegible]પૂજનાદિ [illegible] થાય છે

રજસ્વલા સ્ત્રીએ બની શકે તો પહેલા ત્રણ દિવસસુધી કોઇને પોતાનું મુખ બતાવવું નહિ, કે વચન પણ સંભળાવવું નહિ શરીરે તેલ ચોળવું નહિ, ફૂલ કે અલંકારો ધારણ કરવા નહિ, આંખો આંજવી નહિ,

શરીરે ચંદનલેપન કરવુ નહિ, કેશ ઓળવા નહિ, દાતણ કરવુ નહિ, અને સ્નાન પણ કરવુ નહિ, રોવુ કે આંસુ પાડવા નહિ, થાક લાગે એવુ કામ કરવુ નહિ જમીન ખોદવી નહિ, નખ કાપવા નહિ, ને દોડવુ કે હસવુ નહિ દૂધ, ખાટા પદાર્થો કે વાયુ વધારનારા પદાર્થો ખાવા નહિ ચોથે દિવસે નાહી પોતાના દેહની શુદ્ધિને માટે પંચગવ્ય (ગાયનુ છાણ, મૂત્ર, દૂધ, દહી અને ઘી) એકઠુ કરીને પીવુ નાહાયા પછી પહેલુ પોતાના સ્વામીવિના બીજા કોઇનુ મુખ જોવુ નહિ

ગર્ભિણી સ્ત્રીના નિયમો.

ગર્ભિણી સ્ત્રીએ સદા આનંદમા રહેવુ બની શકે તો નિત્ય નવનવા વસ્ત્રો તથા અલંકાર ધારણ કરવા પવિત્ર રહેવુ હલકા, નરમ ઘીવાળા ને જઠરાગ્નિને પ્રદીપ્ત કરે તથા વહેલા પાચન થાય એવા પદાર્થોનો આહાર કરવો અતિશય ખાટા, તીખા, ખારા ગરમ, વાસી, સુકા લુખા, કઠોર અને કડવા એવા તથા પાચન થતા ઢીલ કરે એવા પદાર્થો ખાવા નહિ બહુ જમવુ નહિ તેમ ભુખ્યા પણ રહેવુ નહિ ઘણો શ્રમ થાય એવા કામ કરવા નહિ અતિશયમા સુવુ કે જાગરણ કરવા નહિ શોક કરવા નહિ વાહનપર બેસવુ નહિ ભયંકર સ્થાને જવુ નહિ, ને ભયંકર પદાર્થો જોવા નહિ. પોતાના ગર્ભનુ સંરક્ષણ થવામાટે નિત્ય પ્રાતઃકાલ અને સાયંકાલે શ્રીસદાશિવની સ્તુતિ કરવી.

વિધવા સ્ત્રીઓના ધર્મ

વિધવા સ્ત્રીએ ચોટલો રાખવો નહિ પાન ખાવુ નહિ ચંદન ક ફૂલ ધારણ કરવા નહિ સોનારૂપાના ઘરેણા પહેરવા નહિ રંગિત વસ્ત્ર પહેરવા નહિ કાંસાના વાસણમા જમવુ નહિ બે વખત ભોજન

કરવું નહિ આખો આજવી નહિ પલગપર સૂવુ નહિ ભૂમિપર ગાદલુ ગોદડુ કે ચટાઇ પાથરી તેપર સૂઇ રહેવુ, ને શરીરે તેલ ચોળવુ નહિ, નિત્ય નાહીને ધોળા વસ્ત્ર પહેરવા, ક્રોધને જિતવો, અને ઇન્દ્રિયોને વશ રાખવી કૃચ્છ્રચાદ્રાયણ આદિ વ્રતો કરવા વૃદ્ધ સ્ત્રીઓના સહવાસમા રહેવુ શૃગારરસના પુસ્તકો વાચવા નહિ, જેનાથી પોતાને સસારપર અરુચિ થાય, ઉદાસી ઉપજે, તથા વૈરાગ્ય થાય એવા બોધમય ગ્રથો વાચવા--સાભળવા, અને અખડ બ્રહ્મચર્ય પાળી ઇશ્વરભજનમાજ દિવસો નિર્ગમન કરવા

ઇતિ

અથ શ્રીદક્ષિણામૂર્તિસ્તોત્રમ્.

વિશ્વ દર્પણદૃશ્યમાનનગરીતુલ્ય નિજાતર્ગત,
પશ્યન્નાત્મનિ માયયા બહિરિવોદ્દ્ભૂત યથા નિદ્રયા,
ય સાક્ષાત્કુરુતે પ્રબોધસમયે સ્વાત્માનમેવાદ્વય,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદ શ્રીદક્ષિણામૂર્તયે ૧
બીજસ્યાતરિવાકુરો જગદિદ પ્રાઙ્નિર્વિકલ્પ પુનર્,
માયાકલ્પિતદેશકાલકલનાવૈચિત્ર્યચિત્રીકૃતમ્,
માયાવીવ વિજૃભયત્યપિ મહાયોગીવ ય સ્વેચ્છયા,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદ શ્રીદક્ષિણામૂર્તયે ૨
યસ્યૈવ સ્ફુરણ સદાત્મકમસત્કલ્પાર્થગ ભાસતે,
સાક્ષાત્તત્ત્વમસીતિ વેદવચસા યો બોધયત્યાશ્રિતાન્;

યત્સાક્ષાત્કરણાદ્ભવેન્ન પુનરાવૃત્તિર્ભવામ્ભોનિધૌ,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે. ૩
નાનાછિદ્રઘટોદરસ્થિતમહાદીપપ્રભાભાસ્વરં,
જ્ઞાનં યસ્ય તુ ચક્ષુરાદિકરણદ્વારા બહિ સ્પન્દતે,
જાનામીતિ તમેવ ભાતમનુભાત્યેતત્સમસ્તં જગત્,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે ૪
દેહ પ્રાણમપીંદ્રિયાણ્યપિ ચલા બુદ્ધિં ચ શૂન્ય વિદુ,
સ્ત્રીબાલાંધજડોપમાસ્ત્વહમિતિ ભ્રાતા ભૃશં વાદિન,
માયાશક્તિવિલાસકલ્પિતમહાવ્યામોહસંહારિણે,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે ૫
રાહુગ્રસ્તદિવાકરેંદુસદૃશો માયાસમાચ્છાદનાત્,
સન્માત્ર કરણોપસંહરણતો યોભૂત્સુષુપ્ત પુમાન્,
પ્રાગસ્વાપ્સમિતિ પ્રબોધસમયે ય પ્રત્યભિજ્ઞાયતે,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે ૬
બાલ્યાદિષ્વપિ જાગ્રદાદિષુ તથા સર્વાસ્વવસ્થાસ્વપિ,
વ્યાવૃત્તાસ્વનુવર્તમાનમહમિત્યંત સ્ફુરંતં સદા,
સ્વાત્માન પ્રકટીકરોતિ ભજતાં યો ભદ્રયા મુદ્રયા,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે ૭
વિશ્વં પશ્યતિ કાર્યકારણતયા સ્વસ્વામિસંબંધત,
શિષ્યાચાર્યતયા તથૈવ પિતૃપુત્રાદ્યાત્મના ભેદત,
સ્વપ્ને જાગ્રતિ વા ય એષ પુરુષો માયાપરિભ્રામિત,
તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદં શ્રીદક્ષિણામૂર્તયે ૮
ભૂરંભાંસ્યનલોનિલોંબરમહર્નાથો હિમાંશુ પુમા-

નિત્યાભાતિ ચરાચરાત્મકમિદ યસ્યૈવ મૂર્ત્યષ્ટકમ્;
નાન્યત્ કિંચન વિદ્યતે વિમૃશતા યસ્માત્પરસ્માદ્વિભો-
સ્તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઇદ શ્રીદક્ષિણામૂર્તયે ૯
સર્વાત્મત્વમિતિ સ્ફુટીકૃતામદ યસ્માદમુષ્મિંસ્તવે,
તેનાસ્ય શ્રવણાત્તથાર્થમનનાદ્ધ્યાનાચ્ચ સકીર્તનાત્,
સર્વાત્મત્વમહાવિભૂતિસહિત સ્યાદીશ્વરત્વ સ્વત,
સિદ્ધયેત્તત્પુનરષ્ટધા પરિણત ચૈશ્વર્યમવ્યાહતમ્ ૧૦

ક્ષેપક શ્લોકો.

વટવિટપિસમીપે ભૂમિભાગે નિષણ્ણ,
સકલમુનિજનાના જ્ઞાનદાતારમારાત્,
ત્રિભુવનગુરુમીશ દક્ષિણામૂર્તિદેવ,
જનનમરણદુ ખચ્છેદદક્ષ નમામિ ૧૧
ચિત્ર વટતરોર્મૂલે, વૃદ્ધા શિષ્યા ગુરુર્યુવા,
ગુરોસ્તુ મૌન વ્યાખ્યાન, શિષ્યાસ્તુ ચ્છિન્નસશયા ૧૨
ૐ નમ પ્રણવાર્થાય, શુદ્ધજ્ઞાનૈકમૂર્તયે,
નિર્મલાય પ્રશાતાય, દક્ષિણામૂર્તયે નમ ૧૩
નિધયે સર્વવિદ્યાના, ભિષજે ભવરોગિણામ્,
ગુરવે સર્વલોકાના, દક્ષિણામૂર્તયે નમ ૧૪
મૌનવ્યાખ્યાપ્રકટિતપરબ્રહ્મતત્ત્વ યુવાન,
વર્ષિષ્ઠાતેવસદૃષિગણૈરાવૃત બ્રહ્મનિષ્ઠૈ,
આચાર્યેંદ્ર કરકલિતચિન્મુદ્રમાનદરૂપ,
સ્વાત્મારામ મુદિતવદન દક્ષિણામૂર્તિમીડે ૧૫

ઇતિ શ્રીમત્પરમહસપરિવ્રાજકાચાર્યશ્રીમચ્છકરાચાર્યવિરચિત
શ્રીદક્ષિણામૂર્તિસ્તોત્રમ્ ॥ ૐ ॥

સ્ત્રીઓનું નિત્ય કર્તવ્ય.

રુચિરા છંદ *

સતીતણી ગતિ છે પતિપદસેવા, નિગમાગમ તો નિત્ય કહે,
શાણી કુલવતી પતિપ્રિય પ્રમદા, શિખવચન મન માની લહે.
પ્રભુતણું ઊઠી પ્રાત કાળે, સ્મરણ ધ્યાન પ્રીતે કરવું,
પતિપદ સ્પર્શી પછી નિજ તનના, શૌચકાજ તુરત જાવું ૧
વદનશુદ્ધિ દાતણથી કરીને ઉષ્ણ શુદ્ધ જળથી ન્હાવું,
ધૌત વસ્ત્ર ધારી નિજ અંગે, નિત્યકર્મ ભાવે કરવું.
સૂર્યઉપાસન કરી શુભ રીતે, ગુરુચરણવિષે નમવું,
ઇષ્ટમંત્રનો જાપ કરીને, દેવપૂજન પ્રીતે કરવું ૨
ગુરુપૂજન ભક્તિથી કરીને, નિત્યદાન દીનને દેવું,
પતિતણું પૂજન પ્રીતે કરીને, પછી યત્ને ભોજન કરવું,
ત્રીજા પહોરે તત્પર થઇને, પતિવ્રતધર્મનું મનન કરો,
હૃદયતણા સૌ દોષો પરખી, તે સૌકેરું શમન કરો ૩
ઘરધંધામાં કુશળ રહીને, સંધ્યાસમયને સંભારો,
આવશ્યક સૌ કામ કરીને ધણીસેવામાં મન ધારો,
સુખમય જીવન થાય તમારું ચતુરા ચિત્તે ચિંતવજો,
એ શિખામણ માની મારી સુખી સર્વ બેનો થાજો ૪

પી. ગો. ભટ્ટ. સાણંદ.

*ગરબામાં ગાવું હોય તો "માગગડો મેલો મોહનજી," "બાદશા ઊતરે બાગમાં મે ક્યા મન દેખન જાઉંરી," એ ગુર્જરીના રાગે, અથવા 'એના ફકીરી ક્યા દિલગીરી સદા મગનમે રહેનાજી," એ રાગે ગવાશે

બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીનથુરામશર્માકૃત પુસ્તકો.

વેદાંતદર્શન પાકા પુઠાનું. રૂા ૩-૮-૦ સાંખ્યપ્રવચન સંસ્કૃત તથા ગુજરાતી ટીકાસાથે રૂા ૧-૦-૦ યોગકૌસ્તુભ. ચોથી આવૃત્તિ. રૂા. ૧-૮-૦ પરમપદબોધિની. ચોથી આવૃત્તિ રૂા ૦-૧૪-૦ સંધ્યાનો વેદાંતાનુસાર. વિચાર. રૂા ૦-૧-૦ નાથસ્વરોદય ત્રીજી આવૃત્તિ રૂા ૦-૨-૬ કલગી વાણીનું સ્પષ્ટીકરણ ત્રીજી આવૃત્તિ રૂા ૦-૧-૬ મનુષ્યમિત્ર બીજી આવૃત્તિ રૂા ૦-૪-૦ સ્વાભાવિકધર્મ ત્રીજી આવૃત્તિ રૂા ૦-૨-૬ સુબોધકલ્પલતા બીજી આવૃત્તિ. રૂા ૦-૯-૦ સદુપદેશદિવાકર પ્રથમ કિરણ બીજી આવૃત્તિ રૂા ૦-૧૨-૦ સદુપદેશદિવાકર દ્વિતીય કિરણ રૂા ૦-૧૨-૦ સદુપદેશદિવાકર તૃતીય કિરણ રૂા ૦-૧૨-૦ સદુપદેશદિવાકર ચતુર્થ કિરણ રૂા ૧-૨-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧થી ૧૦ રૂા ૦-૪-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧૧થી ૨૫ બીજી આવૃત્તિ રૂા ૦-૮-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૨૬થી ૭૫ રૂા ૦-૮-૦ યોગપ્રભાકર ત્રીજી આવૃત્તિ રૂા ૦-૩-૦ પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ બીજી આવૃત્તિ રૂા ૦-૩-૦ ગીતાદિપંચરત્ન સટીક રૂા ૧-૮-૦ રાસપંચાધ્યાયી ભક્તિપક્ષની તથા જ્ઞાનપક્ષની વિસ્તૃત ટીકા સહિત રૂા ૦-૭-૦, ૦-૫-૦ પ્રણવપદ ચોથી આવૃત્તિ રૂા ૦-૩-૦ પ્રણવાવિસ્તારપદ બીજી આવૃત્તિ રૂા ૦-૨-૦ નાથકાવ્ય રૂા ૦-૫-૦ સદુપદેશમાલા પ્રથમ ભાગ રૂા ૦-૩-૦, પંચકપમંજરી રૂા ૦-૩-૦ વિનોદમાલા રૂા ૦-૫-૦ સદાચારગિરિરાજ રૂા ૦-૪-૦ રુદ્રસૂક્ત, પુરુષસૂક્ત ને ઈશાવાસ્ય સટીક રૂા ૦-૧-૦ શ્રીસૂક્ત સટીક રૂા ૦-૦-૯ વૈરાગ્યસુધાકર રૂા ૦-૧-૬ ભગિનીઓ રૂા ૦-૦-૬ શ્રીયજુર્વેદીય આહ્નિકપ્રકાશ રૂા ૦-૯-૦ સનાતનધર્મનું નિરૂપણ રૂા ૦-૧-૦ સુવિચારચંદ્રિકા રૂા ૦-૨-૦ નામમંત્રમાલિ । રૂા ૦-૩-૦ શ્રીશંકરાચાર્યના અષ્ટાદશ રત્નો સટીક રૂા ૧-૮-૦

પુસ્તકો મળવાનું ઠેકાણું —વ્યવસ્થાપક, આનંદાશ્રમ, બીલખા.